
સપ્ટેમ્બર (પ્રથમ) ૨૦૨૦ | ₹ ૩૦.૦૦

ચંપક



સબસ્ક્રાઈબ કરવા માટે ૯૮૨૪૦૭૭૫૮૬ પર મેસેજ મોકલો અથવા જુઓ. delhipress.in

આગામી ‘ઈ એડિશન ફ્રી’ મેળવવા માટે ઉપરના નંબર પર મેસેજ કરો.

VISIT…

LANZAROTE Caliente.COM

ચંપક

સપ્ટેમ્બર (પ્રથમ) ૨૦૨૦ અંક : ૧૦૫૬



FOUNDER
VISHWA NATH
1917-2002

મજાની મજા

ટૂંકી વાર્તાઓ

ચિત્રવાર્તાઓ

મુખપૃષ્ઠ



શિક્ષકનું સ્કૂલમાં હોવું જરૂરી નથી. તે સ્ત્રી, પુરુષ કોઈપણ હોઈ શકે છે, જે તમારી સાથે કામ કરે છે અને તમને જ્ઞાન આપે છે. તમને સૌ ને શિક્ષક દિવસની શુભેચ્છા.

વિશેષ પૃષ્ઠ

સંપાદક અને પ્રકાશક ● પરેશ નાથ

મુખ્ય સંપાદન, જાહેરખબર અને પ્રકાશન કાર્યાલય : દિલ્લી પ્રેસ ભવન,
ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, રાણી ઝાંસી માર્ગ, નવી દિલ્લી - ૧૧૦૦૫૫.
ફોન : ૦૧૧૪૧૩૯૮૮૮૮ ફેક્સ : ૦૧૧-૨૩૬૨૫૦૨૦
અમદાવાદ સંપાદન અને જાહેરખબર વિભાગ : દિલ્લી પ્રેસ, ૩૧, નારાયણ ચેમ્બર્સ, આશ્રમ રોડ, અમદાવાદ
- ફોન : ૨૬૫૭૭૮૪૫ ફેક્સ : ૨૬૫૭૭૦૬૩
દિલ્લી પ્રેસ પત્ર પ્રકાશન પ્રાઈવેટ લિમિટેડ વતી પ્રકાશક અને મુદ્રક પરેશ નાથ દ્વારા પીએસ પીસી પ્રેસ પ્રાઈવેટ લિમિટેડ, ડીએલએફ-૫૦, ઈન્ડસ્ટ્રીયલ એરિયા, ફરીદાબાદ, હરિયાણા-૧૨૧૦૦૩, દિલ્લી પ્રેસ ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, નવી દિલ્લીથી પ્રકાશિત.

Editor, Publisher & Printer : Paresh Nath
Printed at PS PC Press Pvt. Ltd. DLF-50, Industrial Area, Faridabad, Haryana-121003. and Delhi Press E-8, Jandewala Estate New Delhi - 110 055 and Published on behalf of Delhi Press Patra Prakashan Private Ltd.
From E-8, Jhandewala Estate, New Delhi - 110 055

વાર્ષિક લવાજમ માત્ર ડ્રાફ્ટ/મનીઓર્ડરથી 'ચંપક'ના નામે ઈ-૮, ઝંડેવાલા એસ્ટેટ, નવી દિલ્લી-૧૧૦૦૫૫ ખાતે મોકલવા. ચેક તથા વી.પી.પી. સ્વીકારાતા નથી.
કિંમત : ૩૦ રૂપિયા. એક વર્ષ માટે ૭૫૦ રૂપિયા, બે વર્ષ માટે ૧,૪૫૦ રૂપિયા, (ભારતમાં).

તમારી વાર્તા, કવિતા, ડ્રોઈંગ્સ અને ક્રાફ્ટ્સ અહીં મોકલી શકો છો : writetochampak@delhipress.in
www.facebook.com/ChampakMagazine **અને** https://www.youtube.com/ChampakSciQ

ધ કિંગ ઓફ આર્ટ

વાર્તા • દીપ્તિ સિંહ

બ્લેકી રીંછને પેઈન્ટિંગનો ખૂબ શોખ હતો. તે ઘણીવાર નવરાશના સમયમાં કાગળ પર કોઈ ને કોઈ ચિત્ર દોરતો રહેતો હતો. તે સ્કૂલમાં નવરાશ મળતા જ, ડ્રોઈંગ કરવા લાગતો હતો, જેના કારણે તેને પોતાના ટીચર્સનો ઠપકો સાંભળવો પડતો હતો.

બ્લેકીને પ્રકૃતિનાં ચિત્ર દોરવા ખૂબ ગમતાં હતાં. તે ઊગતો સૂરજ, બરફથી છવાયેલા પહાડો, રંગબેરંગી ફૂલો, વૃક્ષછોડ વગેરે ચિત્રો દોરવામાં રસ ધરાવતો હતો.

પરંતુ એ ચિત્રો દોરવા માટે તેને સારા રંગ અને બ્રશની જરૂર પડતી હતી, પણ જ્યારે તે રંગોની ડિમાન્ડ મમ્મીપપ્પા સામે કરતો ત્યારે તે એમ કહીને ટાળી દેતા કે અત્યારે તારા અભ્યાસના દિવસો છે. તેથી તું અત્યારે અભ્યાસ પર ધ્યાન આપ.

સ્કૂલમાં પણ બધાં બાળકો પોતાના અભ્યાસમાં એટલા વ્યસ્ત રહેતા કે બ્લેકીના ડ્રોઈંગને ન તો કોઈ જોતું કે ન તેની પર ખાસ ધ્યાન આપતું હતું.

બ્લેકી પોતાના એ શોખને ઘણીવાર અલગઅલગ ચિત્ર દોરીને પૂરો કરતો હતો. ચંપકવનમાં વડલાને છાયે બધા બેસતા હતા. બ્લેકી પણ ત્યાં છાયે બેસીને ચિત્રો દોરતો હતો.

બ્લેકી જ્યારે પણ ઉદાસ થતો, ત્યારે તે વડલાના છાયામાં પોતાની ડ્રોઈંગ કોપીમાં ડ્રોઈંગ કરતો હતો.

વડલો બ્લેકીને ડ્રોઈંગ કરતા જોઈને ખૂબ ખુશ થતો.

એક દિવસે વડલાએ બ્લેકીને કહ્યું, ‘‘બ્લેકી, તું કેટલું



સારું ડ્રોઈંગ કરી લે છે, હું આટલું વિશાળ વૃક્ષ છું, શું તું મને આબેહૂબ આ નાના પેપર પર બનાવી શકે છે?''

બ્લેકીને એ સાંભળીને ખૂબ ખુશી થઈ કે કોઈએ તો તેના ડ્રોઈંગની પ્રશંસા કરી.

બ્લેકીએ કહ્યું, ''હા, વડલા, હું તમારું ડ્રોઈંગ પણ કરી શકું છું પણ તેના માટે મને થોડો સમય લાગશે.''

હવે બ્લેકી દરરોજ સાંજે વડલા પાસે જતો અને તેનું ડ્રોઈંગ કરતો.

એક દિવસે ધોધમાર વરસાદ પડી રહ્યો હતો જેના લીધે બ્લેકી વડલાની નજીક નહોતો જઈ શક્યો.

તે ઘરે બેઠા ડ્રોઈંગ કરી રહ્યો હતો, ત્યારે બ્લેકીના પપ્પા આવી ગયા.

તેમણે પૂછ્યું, ''શું કરી રહ્યો છે બ્લેકી? તું આખો દિવસ કાગળો પર કંઈ ને કંઈ ડ્રોઈંગ કરતો રહે છે. ક્યારેક અભ્યાસ પર પણ ધ્યાન આપવાનું રાખ. આખરે તો અભ્યાસ જ કામ લાગશે, આ ડ્રોઈંગ નહીં.

બ્લેકીએ ડ્રોઈંગ કરવાનું બંધ કરીને પુસ્તક ખોલ્યું.

ત્યાં વડલો રાહ જોઈ રહ્યો હતો કે બ્લેકી તેનું ડ્રોઈંગ ક્યારે બનાવશે. સ્કૂલમાં ટેસ્ટ હોવાના લીધે તે વડલા પાસે ન જઈ શક્યો. ટેસ્ટ પૂરી થતા જ બ્લેકી વડલાને તેનું ડ્રોઈંગ બતાવવા ગયો.

વડલાએ બ્લેકીના ડ્રોઈંગની ખૂબ પ્રશંસા કરી.

તેણે બ્લેકીને કહ્યું, ''તું તારા ચિત્ર ચંપક મેગેઝિનમાં કેમ નથી મોકલતો. ચંપક મેગેઝિનમાં ડ્રોઈંગની સ્પર્ધા થતી રહે છે અને તારે તેમાં ભાગ લેવો જોઈએ.'' બ્લેકીને આ વાતની કોઈ માહિતી નહોતી.

વડલો ઘણીવાર ચંપક મેગેઝિનમાં છપાયેલી વાર્તા વગેરે વાંચતો હતો, તેથી તેને તેની માહિતી હતી.

વડલાએ બ્લેકીને ચંપક મેગેઝિનની ઓફિસનું સરનામું જણાવ્યું તથા તેને પોતાના ડ્રોઈંગ ત્યાં મોકલવા કહ્યું.

બ્લેકીએ વડલાની વાત માનીને ચિત્ર ચંપક મેગેઝિનમાં મોકલ્યા અને તેને પ્રથમ પુરસ્કાર મળ્યો. તેનું ડ્રોઈંગ ખૂબ પસંદ કરવામાં આવ્યું.

તેને પુરસ્કારમાં રંગ અને બ્રશ મળ્યા. જેને તે કેટલીય વાર તેનાં મમ્મીપપ્પા પાસે માંગતો હતો. બ્લેકીને પુરસ્કાર મળવાની વાત પૂરા વનમાં ફેલાઈ ગઈ હતી. બ્લેકી ખૂબ સારો ચિત્રકાર બની ગયો હતો.

સ્કૂલમાં પ્રાર્થના સભામાં મુખ્ય શિક્ષિકાએ બ્લેકીને સ્ટેજ પર બોલાવીને પુરસ્કાર આપ્યો અને તેને 'ધ કિંગ ઓફ આર્ટ'નું ટાઈટલ પણ આપવામાં આવ્યું.

બ્લેકીનાં માતાપિતા ખૂબ શરમિંદા હતા, કારણ કે તેમણે પોતાના બાળકની આ આવડતને ક્યારેય નહોતી ઓળખી. ઈનામ લઈને બ્લેકી વડલા દાદા પાસે ગયો અને તેમને ધન્યવાદ આપ્યા કે બ્લેકીનાં માતાપિતાને પોતાના દીકરાની કલાનો અહેસાસ થયો. ●



શિક્ષક દિવસ

૫ સપ્ટેમ્બરે શિક્ષક દિવસ છે. ચિત્રમાં કેટલાક અક્ષર શિક્ષકો અને અન્ય વસ્તુઓ પર ફેંદાઈને ચોંટ્યા છે. ચિત્ર જુઓ અને અર્થ જણાવો.

1



2



3



જવાબ છેલ્લા પાના પર છે.

સુંદર રંગ પૂરો





કવિતામાં કહો

વાર્તા • ઓમપ્રકાશ ક્ષત્રિય 'પ્રકાશ'

જેવો નવા શિક્ષક રમેશે વર્ગમાં પ્રવેશ કર્યો વિદ્યાર્થીઓએ કહ્યું, ''સર, આજે વિશ્વ હાસ્ય દિવસ છે. આજે અમારો ભણવાનો મૂડ નથી.''

''અરે વાહ, તમે લોકોએ તો મારા મોંની વાત કહી દીધી.'' પછી શિક્ષકે પણ પુસ્તક ટેબલ પર મૂકતા કહ્યું, ''આજે મારો પણ ભણાવવાનો મૂડ નથી.''

આ સાંભળીને વિદ્યાર્થીઓએ તાળીઓ પાડી, ''વાહ, આજે તો મજા આવી ગઈ. આજે ભણવાની રજા.'' એક સાથે બધા બોલ્યા.

''ચાલો, આજે આપણે એક રમત રમીએ.'' રમેશે કહ્યું, ''હું ઈચ્છુ છું કે આજે વિશ્વ હાસ્ય દિવસ પર થોડી હાસ્ય પંક્તિ બનાવીને પોતાની લાગણીને વ્યક્ત કરવાની રમત રમવામાં આવે.''

''હા સર, અમે રમવા તો ઈચ્છીએ છીએ, પણ તમે શું

કહો છો અમારી સમજમાં નથી આવી રહ્યું.'' યોગેશે કહ્યું, ''સરળ શબ્દોમાં કહો ને કે તમે કઈ રમત રમાડવા ઈચ્છો છો?''

''એ જ કે આજે આપણે જોડકણામાં વાતો કરીશું.'' શિક્ષક રમેશે કહ્યું, ''મારો કહેવાનો અર્થ એ છે કે આપણે જે પણ બોલીશું તે જોડકણા બનાવીને બોલીશું.'' એટલું કહેતા શિક્ષકે ઘણા ટૂંકા શબ્દો વિદ્યાર્થીઓને જણાવ્યા.

પછી તેમણે સમજાવ્યું, ''જો આપણે કોઈ વાત કહેવી હોય તો આપણે પંક્તિમાં કહીશું, જેમ કે,
''મારા વહાલા નાના આવજો,
ચાવીચાવીને ભોજન કરજો.''
કે પછી તેને એમ કહી શકીએ,

''મીની, રમીને ઘરે આવજે
આળસમાં ન સમય વિતાવજે.''

શિક્ષકના શબ્દો સાંભળતા જ દેવાંશ ખુશ થઈ ગયો. તેને કાવ્ય પંક્તિ બનાવવી ગમતી હતી. તેણે તરત ઊભા થઈને કહ્યું, ''ઋતુ વિનાનો વરસાદ, સાંભળો ગુરુ મારો સાદ.'' કહેતા દેવાંશે પોતાની નાની આંગળી ઊંચી કરી. તેનો અર્થ એ થયો કે તેને વોશરૂમ જવું છે.

તેનો આ ઈશારો જોઈને બધા વિદ્યાર્થીઓ હસવા લાગ્યા. શિક્ષકને પણ મજા આવી ગઈ. તેમણે હસીને કહ્યું,
''જલદી દોડીને જજે
ટેંક ખાલી કરીને આવજે.
આવીને ફરી હસજે.'' અને તેમણે દેવાંશને જવાનો ઈશારો કર્યો.

બીજી તરફ રાહુલને ડાયેરિયા થઈ ગયા હતા. તે વારંવાર શૌચ માટે જઈ રહ્યો હતો. જોકે તેના માટે તેને કોઈ યોગ્ય વાક્ય નહોતું મળી રહ્યું. તેણે પોતાના મિત્ર વિકાસને કહ્યું, ''યાર, મારે બાથરૂમ જવું છે.''

''તું એવું કર.'' કહીને તેના મિત્ર વિકાસે પોતાની નોટબુક તેને આપી દીધી. તેમાં કેટલીક પંક્તિ લખી હતી, ''આ બોલ, તારું કામ થઈ જશે.''

રાહુલે નોટબુક લીધી અને ઊભો થઈને બોલ્યો,
''આવવું મુશ્કેલ
જવું મુશ્કેલ
પેટ પકડો તો

ખાવું મુશ્કેલ.'' રાહુલે પોતાનો હાથ નીચે કરી દીધો. તે હાથમાં લોટો પકડીને ક્યાંક જવાનો ઈશારો કરી રહ્યો હોય તેનો અર્થ હતો કે તેને બાથરૂમ જવું છે.



આ જોઈને શિક્ષક સમજી ગયા કે રાહુલને બાથરૂમ જવું છે. તેમણે રાહુલને કહ્યું,
''જલદી જજે,
જલદી આવજે

આવીને ગીત સંભળાવજે.'' તેમણે રાહુલને બહાર જવાનો ઈશારો કર્યો.

ત્યાં સુધીમાં દેવાંશ આવી ગયો હતો. તેને આજના આ તુક્કામાં ખૂબ મજા આવી રહી હતી, પરંતુ દૂર બેઠેલો નિકુંજ ઈચ્છતો હતો કે આ હાસ્ય પંક્તિના સ્થાને મેદાનમાં જઈને કોઈ અલગ રમત રમાડવામાં આવે. તેથી તેણે કહ્યું,
''સર, ખૂલીને કહો,
જીવનમાં મસ્ત રહો.''

તેની પર નિકુંજે કહ્યું,
અંગડી બંગડી લાગી છે તંગડી,
ઊછળકૂદ કરો અને રમો લંગડી.''

કહીને દેવાંશે બહારની તરફ ઈશારો કર્યો એટલે તે કહેવા ઈચ્છતો હતો કે સર, આજે કાવ્ય પંક્તિ વધારે બની ગઈ અને હવે થોડું બહાર રમવા દેવામાં આવે. પરંતુ વિદ્યાર્થીઓને આ રીતે પંક્તિ બનાવવા અને સાંભળવામાં મજા આવી રહી હતી. બધાએ હાથ હલાવીને કહી દીધું, ''અમારે બહાર રમવા નથી જવું.''

તેની પર શિક્ષકે કહ્યું, ''અરે ભાઈ,
અડવું કેવું,
ભણવું કેવું,
હસીહસીને
શીખીએ તેવું.''

''હા સર, કહેતા બધા વિદ્યાર્થીઓ હસવા લાગ્યા. પછી તો સમય ખૂબ જલદી પસાર થઈ ગયો. ઘંટ વાગ્યો અને શિક્ષક રમેશ જવા લાગ્યા. ત્યારે બધા વિદ્યાર્થીઓ બોલી ઊઠ્યા, ''સર, હજી થોડો સમય રોકાઈ જાઓ ને, આજે તો મજા આવી ગઈ.''

શિક્ષકે કહ્યું, ''બાળકો, આ તો હજી શરૂઆત છે, જોતા જાઓ હજી આગળ કેટલી વધારે મજા આવે છે? પરંતુ યાદ રાખો રમવા અને હસીમજાકની સાથેસાથે ભણવું પણ જરૂરી છે. અભ્યાસ પણ કરતા રહો. જેથી આપણે સારી રીતે જીવનમાં પ્રગતિ કરતા રહીએ.'' કહીને તેઓ ચાલ્યા ગયા.

વિદ્યાર્થીઓએ પણ હાસ્ય દિવસની ઉજવણીનો આનંદ માણ્યો. તેમનો પૂરો દિવસ ખુશીઆનંદમાં કાવ્ય પંક્તિ બનાવતા પસાર થયો. ●



ડમરુ અને શાકાહારી ભોજન

વાર્તા ● શિવેશ શ્રીવાસ્તવ





























જુઓ, હસતાં નહીં...

આડુ (યાશિકાને) : વિશ્વના સૌથી શક્તિશાળી જીવનું નામ જણાવો.
યાશિકા : મને નથી ખબર.
આડુ : ઘોંઘા છે?
યાશિકા : કેવી રીતે?
આડુ : કારણ કે આ વિશ્વમાં એક એકલો જીવ છે જે પોતાના ઘરને પોતાની પીઠ પર વેંઢારી ચાલે છે.

અદ્‌વિકા સંતોષ ઉપાધ્યાય, ૧૦ વર્ષ
મુઝફ્ફરપુર

ટીચર (વિદ્યાર્થીને) : તેં તારું હોમવર્ક પૂરું કેમ નથી કર્યું?
વિદ્યાર્થી : મેં મારું હોમવર્ક તો પૂરું કરી લીધું હતું. પણ સ્કૂલે આવતી વખતે રસ્તામાં એક બકરી આને ખાઈ ગઈ.

સોમાંશુ ઠાકુર, ૮ વર્ષ
પશ્ચિમી બંગાળ

ગીતા (રશ્મિને) : ટટ્ટુ એક ગીત કેમ નથી ગાઈ શકતી?
રશ્મિ : કારણ કે ટટ્ટુ ગીત નથી ગાતા.
ગીતા : કારણ કે તે એક નાનકડી ઘોડી છે.

શાલિની નાગપાલ, ૯ વર્ષ
મુંબઈ

સોનુ (મોનુને) : એવું શું છે જે શિયાળામાં પડે છે પણ ક્યારેય નુકસાન નથી થતું.
મોનુ : બરફ

જય પેસ, ૧૦ વર્ષ
કોલકાતા

હાહાહા હાહાહા હીહીહી હીહીહી

બિટ્ટૂ (વિવેકને) : નેગેટિવ ઈલેક્ટ્રોન પોઝિટિવ ઈલેક્ટ્રોનથી દૂર કેમ રહે છે?
વિવેક : કારણ કે તે સોશિયલ ડિસ્ટન્સિંગની ફોર્મ્યુલાનું પાલન કરે છે.

ચાર્મી છાવડા, ૧૨ વર્ષ, વડોદરા

ચિંટુ (પિંટુને) : તારે એવું શું કરવું જોઈએ કે એક ખિસકોલી તને પસંદ કરે.
પિંટુ : આપણે એક નટ એટલે કે ગર જેવા દેખાવાનો પ્રયાસ કરવો પડશે.

આસ્થા કત્યાલ, ૮ વર્ષ
નવી દિલ્લી

સોહન (રોશનને) : એવું કયું ગામ છે, જ્યાં ૧૨ ઘર છે પણ માણસ માત્ર ૩ છે.
રોહન : એક ઘડિયાળ, કારણ કે તેને ૧૨ અંક હોય છે પણ હાથ માત્ર ૩ છે.

તન્વી સિંઘાનિયા, ૧૦ વર્ષ
દેહરાદૂન

એક વેઈટરે એક જેન્ટલમેનને એક કપ કોફી લાવીને આપી.
જેન્ટલમેને કોફીનો એક ઘૂંટ લીધો અને કાઢી નાખ્યો :
જેન્ટલમેન : વેઈટર, આ કોફીનો સ્વાદ તો કાદવ જેવો છે.
વેઈટર (ચકિત થઈને) : પરંતુ સર, આ તો સ્વચ્છ અને તાજા ગ્રાઉન્ડનો છે.

રજની યાદવ, ૧૩ વર્ષ
ઈન્દોર

રોહન (અમિતને) : ફ્રિજની અંદર એક હાથીને કેવી રીતે રાખીશ?
અમિત : મને નથી ખબર.
રોહન : ફ્રિજને ખોલવું, હાથીને અંદર રાખવો અને તેના દરવાજાને બંધ કરી દેવો અને હવે મને જણાવ કે એક જિરાફને ફ્રિજની અંદર કેવી રીતે રાખીશ?
અમિત : ફ્રિજ ખોલો, જીરાફને અંદર નાખો અને દરવાજો બંધ કરી દો.
રોહન : ખોટું ફ્રિજ ખોલો, હાથીને બહાર કાઢો, જીરાફને અંદર મૂકો અને દરવાજાને બંધ કરી દો.

અનુરાગ શાસ્ત્રી, ૧૦ વર્ષ
પૂણે

તમારા ઉખાણાં, જોક્સ, ચિત્ર કે વાર્તા નામ, ઉંમર અને સરનામું તથા ફોન નં. સાથે લખો :
ચંપક, દિલ્લી પ્રેસ, એ-૪, શ્રીરામ ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧
ઈમેલ : writetochampak@delhipress.in
અને SMS: 9619587613
ઓનલાઈન મુલાકાત લો :
www.facebook.com/ChampakMagazine
https://www.youtube.com/ChampakSciQ





નવા શિક્ષક

વાર્તા • આશા શર્મા

બોની સિંહની થોડા દિવસ પહેલાં જ જંગલના નવા યુવરાજ તરીકે જાહેર થઈ હતી. એક દિવસે તેણે પોતાના રાજ્યમાં ખાસ શિક્ષણની સ્થિતિ જાણવા જંગલની સહેલ કરવાનો નિર્ણય લીધો. તેણે ભૂરા રંગની દાઢી-મૂંછ લગાવી હતી જેથી કોઈ તેને ઓળખી ન શકે. તે એક લાકડીનો સહારો લઈને ઘરડા સિંહની જેમ ધીમેધીમે ચાલી રહ્યો હતો. જંગલમાં તેને ઠેરઠેર પ્રાણીઓના નાનાંમોટાં બચ્ચાં રમતાં અને તોફાન કરતા જોવા મળ્યાં. કેટલાંક બચ્ચાંઓએ તો યુવરાજની લાકડી પડાવી લેવાનો પ્રયાસ પણ કર્યો. આ બધું જોઈને બોની દંગ રહી ગયો.

'શું વાત છે, આપણા જંગલનાં બચ્ચાં સ્કૂલે કેમ નથી જતા? બચ્ચાં લખવાવાંચવાના બદલે તોફાન કેમ કરી રહ્યા છે? બચ્ચાંઓમાં નૈતિક શિક્ષણનું તો નામોનિશાન નથી.' યુવરાજ વિચારવા લાગ્યો. તે મહેલમાં ગયો અને જંગલમાં શિક્ષણની સ્થિતિનો તાગ મેળવવા માટે શિક્ષણ મંત્રી જેકી શિયાળને બોલાવાયો.

''આપણી પાસે જંગલ સ્કૂલ તો છે યુવરાજ, પણ તેમાં કોઈ ટીચર ટકતું જ નથી. અમે ખૂબ પ્રયાસો કર્યો. સારો પગાર આપીને શિક્ષક રાખ્યા પણ કોઈ ટીચર અઠવાડિયા દસ





દિવસથી વધારે ન ટક્યા. તે ટકીને પણ શું કરતા? કારણ કે બચ્ચાં તો ભણવા જ નથી ઈચ્છતાં. તેથી અમારે મજબૂરીમાં સ્કૂલ બંધ કરવી પડી.'' જેકીએ જણાવેલી વાતથી યુવરાજ વિચારમાં પડી ગયો અને તેણે જૂના શિક્ષકો સાથે વાત કરી તો લગભગ બધાએ કહ્યું, ''શું કરીએ? બાળકો ભણવા જ નથી ઈચ્છતાં.''

'બાળકોના અભ્યાસમાં રસ ન હોવાનું શું કારણ હોઈ શકે છે?' બોની વિચારવા લાગ્યો. તેણે યુવરાજની મંજૂરી લઈને આ બાબતની હકીકત સુધી પહોંચવાનું વિચાર્યું.

બીજા દિવસે યુવરાજે તેના સ્કૂલના મિત્ર ચાર્લી ચિત્તાને બોલાવ્યો. ચાર્લી તાજેતરમાં બાળ મનોવિજ્ઞાનના અભ્યાસની સાથેસાથે બાળકોને ભણાવવાની ટ્રેનિંગ લઈને આવ્યો હતો. બોનીએ જંગલનાં પ્રાણીઓને શિક્ષિત કરવાની જવાબદારી ચાર્લીને સોંપી દીધી.

ચાર્લીએ સ્કૂલનું તાળું ખોલાવડાવ્યું અને સાફસફાઈ કરાવીને સ્કૂલ શરૂ કરાવી લીધી. ચિંકી બિલાડીને પણ મદદનીશ તરીકે રાખવામાં આવી.

એક અઠવાડિયું વીતી ગયું, પણ કોઈ બચ્ચાં સ્કૂલે ન આવ્યા. પ્રાણીઓની ઉદાસિનતા જોઈને ચાર્લીએ ચિંકીને પ્રાણીઓને મળવા જંગલમાં મોકલી અને જાણ્યું કે બચ્ચાંઓને સ્કૂલે આવવાની ઈચ્છા કેમ નથી? ચિંકીએ કેટલાંય બચ્ચાં અને તેમના વાલીઓ સાથે વાત કરી અને જાણ્યું કે બચ્ચાં સ્કૂલે કેમ નથી આવવા ઈચ્છતા?

''અભ્યાસમાં કોઈ મજા જ નથી આવતી. પુસ્તક ખોલીને ભણવું અને ભણાવવું પછી બીજા દિવસે ઉત્તર ગોખીને જવું. આ પણ કોઈ ભણતર હોતું હશે ભલા? રોબી સસલાએ ફરિયાદ કરી.

''ન રમતગમતનો ક્લાસ અને ન કોઈ રસપ્રદ પ્રવૃત્તિઓ હોય છે. બસ, ચુપચાપ બેન્ચ પર બેસી રહો. અહીં કમર જકડાઈ જાય છે.'' ગાજી બકરી બોલી.

''લંચ ટાઈમમાં પણ કોઈ મજા નથી આવતી. સવારનું બનેલું ગરમ ભોજન લંચ સુધીમાં ઠંડું થઈ જાય છે, તેથી તેમાં કોઈ સ્વાદ જ નથી રહેતો.'' રોમી ગલૂડિયાએ પોતાની સમસ્યા જણાવી.



''બચ્ચાંઓને કોઈ હુન્નર પણ નથી શીખવવામાં આવતો. અમે ઈચ્છીએ છીએ કે પ્લંબિંગ, લુહારીકામ, સિલાઈ અને પાઠ્યપુસ્તકનું જ્ઞાન વગેરે જેવા કૌશલ્ય પણ જાણે.''

ચિંકીએ બધી ફરિયાદો નોંધી અને ચાર્લી સાથે તેની પર ચર્ચા કરવા માટે સ્કૂલે પાછી આવી. ચાર્લીએ હસીને જણાવ્યું કે સમસ્યાનું મૂળ તો પકડમાં આવી ગયું.

બીજા દિવસે બધાએ જોયું કે સ્કૂલના મેદાનમાં હિંચકા લાગેલા હતા. બોલ, ફૂટબોલ, ક્રિકેટ કિટ વગેરે રમવાનો સામાન પણ વ્યવસ્થિત સજાવ્યો હતો. એક ટેબલ પર કેટલાક રંગીન પૂંઠાવાળાં પુસ્તકો સાથે કેરમ અને લૂડો પણ મુકાયેલા હતા.

ચાર્લી પૂરી વ્યવસ્થા કર્યા પછી બચ્ચાંઓના સ્કૂલે આવવાની રાહ જોવા લાગ્યો. કેટલાંક બચ્ચાં સ્કૂલની ચારેબાજુ આંટા મારીને આશ્ચર્યથી બધી સામગ્રી જોઈ રહ્યા હતા પણ સ્કૂલની અંદર જવાની હિંમત કોઈનામાં નહોતી. ચાર્લીએ ચિંકીને ઈશારો કર્યો.

ચિંકીએ ફૂટબોલને કિક મારી. ફૂટબોલ સ્કૂલની દીવાલ પરથી બહાર જઈને પડ્યો. ગાજી બહાર જ ઊભી હતી.

''જરા ફૂટબોલ અંદર આવવા દે તો, પણ હાથથી ઉઠાવીને નહીં, પગથી ઉછાળીને.'' ચિંકીએ કહ્યું.

ગાજીએ આમતેમ જોયું અને ફૂટબોલને એક જોરદાર કિક મારી દીધી.

ફૂટબોલ સીધો સ્કૂલની અંદર જતો રહ્યો. ગાજીને ખૂબ મજા આવી. થોડીવારમાં તે પોતાના અન્ય સાથીઓને બોલાવી લાવી અને જોતજોતામાં સ્કૂલમાં ફૂટબોલની મેચ શરૂ થઈ ગઈ. આ બચ્ચાંઓ માટે રસપ્રદ અનુભવ હતો.




બીજા દિવસથી કેટલાંક બચ્ચાં સ્કૂલે આવવા લાગ્યાં. તે જોઈને ચાર્લી ખુશ થયો. તેણે બચ્ચાંઓને સ્કૂલના વિષયોનો અભ્યાસ કરવાની સાથેસાથે તેમને રમવા, પેઈન્ટ કરવા અને ભણવાની પરવાનગી આપી. હવે બચ્ચાંને સ્કૂલે મજાથી આવવા લાગ્યા.

નવા ટીચરની દેખરેખમાં બચ્ચાઓને ઘડિયા કવિતાની જેમ ગાઈને અને અન્ય પાઠ પૂરા હાવભાવ સાથે શિખવાડવામાં આવવા લાગ્યા. ગણિતના સરવાળા-બાદબાકી ફળોની પરસ્પરમાં આપ-લે કરીને શીખવવામાં આવે તો વિજ્ઞાનના નિયમ પ્રયોગના આધારે. નૈતિક શિક્ષણ દૈનિક જીવનના ઉદાહરણ આપીને શીખવવામાં આવતું.

ચાર્લીએ લંચ બ્રેકમાં બધાં બાળકો માટે રાજા તરફથી પોષક આહારની વ્યવસ્થા સ્કૂલમાં જ કરાવી દીધી. જેથી બાળકોને તાજો અને પૌષ્ટિક આહાર મળી શકે.

કેટલાંક મોટાં પ્રાણીઓનો સમૂહ બનાવીને તેમને હસ્તકલા અને હુન્નર પણ શીખવવાનું શરૂ થયું. જોતજોતામાં સ્કૂલ લોકપ્રિય થઈ ગઈ અને સારી રીતે ચાલવા લાગી. જેમજેમ બાળકોની સંખ્યા વધવા લાગી તો જંગલના વિભિન્ન ભાગમાં સ્કૂલની બીજી શાખાઓ ખોલવાની જરૂર ઊભી થઈ. તેની મંજૂરી લેવા ચાર્લી યુવરાજ પાસે ગયો, તો બોનીએ પૂછ્યું, ‘‘આ ચમત્કાર કેવી રીતે થયો ચાર્લી?’’

‘‘બાળકો ગોખવાના બદલે નવી વસ્તુ શીખવાનું વધારે પસંદ કરતા હતા. પુસ્તકિયું જ્ઞાન પણ જો વાસ્તવિક ઉદાહરણ સાથે આપવામાં આવે તો બચ્ચાંને વધારે રસપ્રદ લાગે છે એટલે કે અભ્યાસમાં કંટાળાના બદલે રસ વધે તો બચ્ચા શું, વડીલો પણ દોડ્યા આવે છે.’’ ચાર્લીએ કહ્યું તો યુવરાજે પોતાના મિત્રના શિક્ષણ પર ખૂબ ગર્વ થયો. તેણે જંગલમાં શિક્ષણ વિભાગનો દોરીસંચાર ચાર્લીના હાથમાં આપી દીધો.

ચાર્લીએ કેટલાંય પ્રાણીઓને પોતાના જેવી શિક્ષણ પદ્ધતિ શીખવી. હવે જંગલનાં દરેક બચ્ચાં ખુશીખુશી સ્કૂલે જવા લાગ્યાં. ●



રસપ્રદ વિજ્ઞાન

મેજિક મિરર ટ્રીક

આ મેજિક મિરર એટલે કે જાદુઈ અરીસા ટ્રિકથી તમારા મિત્રોને હેરાન કરો.

તમારે જોઈએ :


- એક મીડિયમ સાઈઝ મીરર
- એક પેન
- એક માર્કર
- પેપરની એક શીટ



આ કરો :



1. પેપર પર એક સામાન્ય ફૂલ બનાવો.



2. ફૂલની વિરુદ્ધ મિરર એટલે કે અરીસાને મૂકો. તે સમરૂપ દેખાશે.

3. માર્કર લો અને અરીસામાં જોતા પેપર પર ફૂલને ટ્રેસ કરો.



જુઓ :



જ્યારે તમે અરીસાને જોતા ફૂલને ટ્રેસ કરવાનો પ્રયાસ કરશો તો તમારો હાથ વિપરીત દિશામાં જાય છે જેવું કે તમે આ કરવા ઈચ્છો છો. જો તમે ઉપર જવા ઈચ્છો છો તો આ નીચે જાય છે અને ફૂલને ટ્રેસ કરવું મુશ્કેલ બનાવે છે.

વિચારો :

આપણો હાથ વિપરીત દિશામાં કેમ આગળ વધે છે?

જે દિશામાં તમે ટ્રેસ કરવા ઈચ્છો છો તે દિશામાં મીરરને જોતા તમે ટ્રેસ નથી કરી શકતા, કારણ કે તમારી આંખોને છેતરવામાં આવે છે કે લાઈનો અલગ જગ્યાએ છે. એવું લેટરલ ઈનવર્સન એટલે કે પાર્શ્વ વિપરીતના લીધે થાય છે જ્યાં એક વસ્તુનો ડાબો ભાગ જમણા ભાગ રૂપે પ્રગટ થાય છે, કારણ કે અરીસામાં પરાવર્તન વિપરીત એટલે કે બીજી બાજુ હોય છે. આગળ અને પાછળનો ભાગ પણ વિપરીત પ્રગટ થાય છે. તેના લીધે જ્યારે તમે વિચારો છો કે તમે તમારા માર્કરને પ્રતિબિંબમાં ઉપર લઈ જઈ રહ્યા છો તો વાસ્તવિકતામાં આ પેપર પર નીચેની તરફ જઈ રહ્યા હોય છે.

શોધો :

વાહનની ઉપર 'એમ્બ્યુલેન્સ' ઊંધુ કેમ લખ્યું હોય છે? લેટરલ રિફ્લેક્શન એટલે કે વિપરીત પરાવર્તનનો એક આ સારો ઉપયોગ છે. જો 'એમ્બ્યૂલેન્સ' શબ્દને યોગ્ય રીતે લખવામાં આવે તો તેના પ્રતિબિંબને કાર કે અન્ય ગાડી ચલાવતા લોકો પોતાના રિયર મિરરમાં જોઈને યોગ્ય રીતે વાંચી નહીં શકો, કારણ કે શબ્દ ઊંધો દેખાશે, એટલે કે ડાબો જમણે અને જમણો ડાબે લખેલો દેખાશે. આ જ કારણ છે કે 'એમ્બ્યૂલેન્સ' પહેલાંથી ઊંધો લખવામાં આવે છે.

જેથી અન્ય વાહનોના ચાલકને યોગ્ય શબ્દ વાંચવા મળી શકે અને ત્યારે તે તેના માટે સાઈડ આપી શકે.



commons.wikimedia.org

મોહનની સમજદારી

વાર્તા ● ઈન્દ્રજીત કૌશિક

''બેટા મોહન, કાલે સવારે તું થોડો જલદી ઊઠી જજે. તારે પણ મારી સાથે ખેતરમાં આવવાનું છે.'' ૧૦ વર્ષના મોહનને તેના પપ્પાએ કહ્યું.

''જરૂર આવીશ પપ્પા, આમ પણ ઘણા દિવસથી મને પણ આપણું ખેતર જોવાની ઈચ્છા થઈ રહી હતી.'' મોહને ખુશ થતા જવાબ આપ્યો.

મોહન ૫ મા ધોરણમાં ભણતો હતો. કોરોના વાયરસના લીધે મહિનાઓ સુધી ઘરે રહ્યો, પરંતુ હવે તે મુશ્કેલથી પોતાના ગામમાં આવી શક્યો હતો. ગામનું વાતાવરણ શહેરના વાતાવરણથી બિલકુલ અલગ હતું. તેથી ખેતર પર જવાની વાત સાંભળીને મોહન ખૂબ ખુશ થઈ ગયો હતો.

બીજા દિવસે પપ્પા વહેલી સવારે તેને પોતાની સાથે ખેતરે લઈ ગયા.

એક તો આકરી ગરમી અને ખૂબ તડકો. આ સ્થિતિમાં થોડી ક્ષણ માટે તો મોહન ડરી ગયો.

''બેટા, હું તને અહીં ખેતરમાં કામ કરાવવા માટે નથી લાવ્યો, પણ બતાવવા લાવ્યો છું કે જો ખેતીવાડીનું કામ પણ કેટલું મુશ્કેલ હોય છે. ઋતુ ગમે તે હોય, દરેક પરિસ્થિતિમાં પણ ખેડૂત કામ કરીને આપણા માટે અનાજ ઉગાડે છે.'' પપ્પાએ કહ્યું.

''તમે બિલકુલ સાચું કહ્યું પપ્પા, પણ હું અહીં બેસી રહેવા નથી ઈચ્છતો, તમે મને પણ કોઈ કામ બતાવો.'' મોહને કહ્યું ત્યારે પપ્પા તેનો ઉત્સાહ જોઈને ખુશ થઈ ગયા.





ગમે તેમ કરીને પાછી આવી ગઈ, પરંતુ એક બકરી ખૂબ દૂર નીકળી ગઈ.

'અરે, તે બાજુ તો રેલવે ટ્રેક છે, ક્યાંક બકરી કોઇ ટ્રેન નીચે ન આવી જાય.' વિચારીને મોહન તેની પાછળપાછળ ચાલી નીકળ્યો. ખરેખર બકરી રેલવેના પાટાની વચ્ચે ચાલી રહી હતી.

''ડરીશ નહીં બેટા, અત્યારે કોરોના વાયરસના લીધે ટ્રેન નથી ચાલી રહી. એટલે કોઈ જોખમ નથી.'' મોહનને બકરીનો પીછો કરતા જોઈને ત્યાંથી પસાર થઈ રહેલી એક મહિલાએ કહ્યું.

તેની વાત સાંભળીને મોહનની ચિંતા ઓછી થઈ ગઈ અને પાટાની વચ્ચે ચાલતાંચાલતાં તે બકરીને પકડવાની કોશિશ કરવા લાગ્યો. લોકડાઉનના લીધે ટ્રેનનું સંચાલન બંધ હોવાથી કદાચ કેટલાક મજૂરો થાકના લીધે પાટા પર જ ઊંઘી રહ્યા હતા.

અચાનક મોહનને ધ્યાનમાં આવ્યું કે પેસેન્જર ટ્રેન નથી ચાલતી, પરંતુ માલગાડી તો ચાલે છે. 'જો આ સમયે કોઈ માલગાડી પાટા પર આવી ગઈ તો શું થશે?' હજી તે વિચારી જ રહ્યો હતો કે મોહનને દૂરથી ગાડીના હોર્નનો અવાજ સંભળાયો.

બીજી તરફ ખબર નહીં બકરીને પણ શું સૂઝ્યું કે તે જ ટ્રેક છોડીને ખેતર તરફ પાછી વળી ગઈ. મોહન પણ ખેતર તરફ જવા લાગ્યો ત્યારે અચાનક

તેમણે મોહનને ખેતરની વચ્ચે આવેલા ઝાડની નીચે ચરતી ૪-૫ બકરીઓને ચારો અને પાણી આપવા માટે કહ્યું અને પછી તે પોતાના કામમાં વ્યસ્ત થઈ ગયા.

મોહન કૂવામાં પાણી લેવા ગયો અને તેમાંથી પાણી કાઢવા માટે ડોલ અંદર નાખી, પરંતુ ગરમ પાણી જોઈને તે આશ્ચર્યમાં પડી ગયો.

અરે બાપ રે, આટલું બધું ગરમ પાણી? આ બકરીઓ આટલું ગરમ પાણી કેવી રીતે પીશે પપ્પા? મોહને હાથથી પંપાળતા પપ્પાને કહ્યું ત્યારે તેમને હસવું આવી ગયું.

''તો શું તું બકરીઓને અહીં ફ્રિજનું ઠંડું પાણી પિવડાવવાનું વિચારી રહ્યો હતો? આટલી સખત ગરમીમાં કૂવાનું પાણી પણ ખૂબ ગરમ થઈ જાય છે બેટા.'' તેમણે જવાબ આપ્યો ત્યારે મોહન સાવચેતી સાથે ડોલનું પાણી લઈને બકરીઓ તરફ ચાલી નીકળ્યો.

અજાણ્યા છોકરાને જોઈને બકરીઓ ગભરાઈ ગઈ અને ડરીને ત્યાંથી ભાગવા લાગી. મોહન તેમની પાછળ દોડ્યો. બીજી બકરીઓ તો





તેને પાટા પર ઊંઘી રહેલા મજૂરોનો વિચાર આવ્યો.

''ઊઠો ઊઠો, અહીંથી જલદી ઊભા થઈ જાઓ. ટ્રેન આવી રહી છે.'' મોહને ઊંઘી રહેલા મજૂરોને ત્યાંથી ઊઠી જવા કહ્યું, પરંતુ તેમાંથી કોઈ પણ ઊભા ન થયા, કારણ કે કદાચ તેઓ ગાઢ નિદ્રામાં હતા.

'તેમને પાટા પરથી હટાવવા માટે મારે જલદીથી કંઈક કરવું પડશે.' ગાડીના આવવાનો અવાજ તેજ થતો જોઈને મોહનને ચિંતા થવા લાગી અને તે ખૂબ ઉતાવળે ખેતર તરફ દોડવા લાગ્યો.

ખેતર પર પહોંચીને તેણે કૂવામાંથી ડોલથી પાણી કાઢ્યું અને ડોલ લઈને પાછો પાટા તરફ દોડ્યો. સમય ગુમાવ્યા વિના તેણે એક પછી એક ઊંઘી રહેલા મજૂરો પર પાણી નાખવાનું શરૂ કરી દીધું. પાણી પડતા જ તેઓ હડબડાટમાં જાગી ગયા.'' જલદીથી બધા પાટા પરથી દૂર હટો. થોડી વારમાં ગાડી આવવાની છે.'' મોહને તેમને ઊંચા અવાજે કહ્યું ત્યારે તેઓ પૂરી પરિસ્થિતિ સમજી ગયા.

પછી તો સમય ગુમાવ્યા વિના તેમણે પોતપોતાનો સામાન ઉઠાવી લીધો અને પાટા પરથી દૂર ખસી ગયા.

થોડી વારમાં એક માલગાડી પૂરપાટ પાટા પરથી પસાર થઈ.

''અરે, જો થોડું પણ મોડું થયું હોત તો કોણ જાણે આજે અમારી શું હાલત હોત?'' જોખમ ટળી જવાથી મજૂરોએ રાહતનો શ્વાસ લીધો અને બાજુમાં ઊભેલા મોહનનો આભાર માન્યો, ''તારી સમજદારી અને તત્પરતાના લીધે આજે અમારો જીવ બચ્યો છે બેટા. અમે તારું આ અહેસાન જિંદગીભર નહીં ભૂલીએ.''

પરંતુ બીજી તરફ ખેતર પર મોહનને ન જોતા પપ્પા પણ તેને શોધતાંશોધતાં ત્યાં આવી પહોંચ્યા. તેમને જ્યારે પૂરી વાતની જાણ થઈ ત્યારે તે પણ ખુશ થઈ ગયા.

''શાબાશ બેટા, તેં તારી બુદ્ધિનો યોગ્ય સમયે ઉપયોગ કરીને એક સારું કામ કર્યું છે. મને તારી પર ખરેખર ગર્વ છે.''

બીજા દિવસે સ્ટેશન માસ્તરે રેડિયો અને છાપામાં એક સંદેશ આપ્યો, જેમાં કહ્યું હતું કે લોકોએ રેલવેના પાટા પર ન ચાલવું જોઈએ કે ન ઊંઘવું જોઈએ, કારણ કે માલગાડી તો ચાલી જ રહી છે. ●

છૂપાં ચિત્ર શોધો

૨ સપ્ટેમ્બરે વિશ્વ નાળિયેર દિવસ એટલે કે કોકોનટ ડે છે. બજારમાં, ૧૦ છૂપાં નાળિયેરને શોધો.



જવાબ છેલ્લા પાના પર છે.



ઉખાણાં

૧. હું હીલિયમ નથી
પરંતુ ખૂબ હલકી છું
મુલાયમ અને રૂંછાદાર છું
સફેદ રંગમાં જોવા મળું છું.

૨. મારે ત્રણ આંખો છે,
પણ એક પગ છે,
જો તમે મારું પાલન ન કર્યું
તો પસ્તાવું પડશે અનેકવાર.

૩. હું એક બોલ છું,
ચારેબાજુ રોલ કરી શકું છું,
પરંતુ બાઉન્સ અને ફેંકી
નહીં થઈ શકાય.

૪. મારી એક કરોડરજ્જુ છે,
હાડકું એક પણ નથી,
ચારેબાજુ લોકો મને લઈ જાય
અઢળક જ્ઞાન મારી પાસેથી શીખે.

શું તમે જાણો છો?



૧. કયા રાજ્યમાં વિશ્વનો એકમાત્ર ફ્લોટિંગ નેશનલ પાર્ક આવેલો છે?
(ક) પેંટાગોનિયા
(ખ) પોર્ટ એલિઝાબેથ
(ગ) મણિપુર
(ઘ) સેનેગલ

૨. ભારતના કયા રાજ્યમાં ઈન્ટરનેટને દરેક નાગરિકનો અધિકાર જાહેર કરવામાં આવ્યો છે?
(ક) મહારાષ્ટ્ર
(ખ) પશ્ચિમી બંગાળ
(ગ) ગુજરાત
(ઘ) કેરળ

૩. ભારતીય અંતરિક્ષ કાર્યક્રમના પિતા નીચેનામાંથી કોણ છે?
(ક) વિક્રમ સારાભાઈ
(ખ) રાકેશ શર્મા
(ગ) હોમી ભાભા
(ઘ) અબ્દુલ કલામ

૩. આગને ઓલવવા માટે કયા ગેસનો ઉપયોગ થાય છે?
(ક) નાઈટ્રોજન
(ખ) કાર્બન ડાયોક્સાઈડ
(ગ) હીલિયમ
(ઘ) ઓક્સિજન

ઉત્તર (ઉખાણાં) : ૧- સોય, ૨-ટ્રાફિક સિગ્નલ , ૩-આંખની કીકી, ૪-પુસ્તકો.
ઉત્તર (તમે કેટલું જાણો છો?) : ૧-ગ, ૨-ઘ, ૩-ક, ૪-ખ.

યાદશક્તિ વધારો

વર્લ્ડ ફર્સ્ટએડ ડે એટલે કે વિશ્વ પ્રાથમિક ચિકિત્સા દિવસ ૧૪ સપ્ટેમ્બર છે. ચિત્રને જુઓ અને નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

પ્ર.1- ફર્સ્ટએડ બોક્સની અંદર તમને કઈ વસ્તુ દેખાય છે?
પ્ર.2- કયું મશીન હાડકાંના ફોટા પાડે છે?
પ્ર.3- ફર્સ્ટએડ બોક્સની બહાર મૂકેલી કેટલીક વસ્તુનાં નામ જણાવો?
પ્ર.4- ડોક્ટરના ખિસ્સામાં કઈ વસ્તુ છે?



મેગેઝિન વાંચો ➔➔➔ આગળ વધો

મેગેઝિન વાંચો.
છપાયેલાં સુંદર ચિત્ર,
માહિતી વધારતી
વાર્તાઓ વાંચવાથી જ
યાદ રાખવાની ટેવ
પડશે. ટીવી અને
મોબાઈલની ફરતી
તસવીરો મનમાં
ટકતી નથી.

ટીવી કાર્ટૂનોમાં મિત્રતા,
પ્રેમ, હકીકત ક્યાં છે.

મેગેઝિન જ્યારે ઈચ્છો,
ત્યારે વાંચો. છપાયેલાં
ચિત્રોને કાપીને સજાવી લો,
જાતે તેમાં મનગમતા રંગ
પૂરો. જોક્સ, કોયડા
બધાની સાથે શેર કરો.
અપટૂડેટ રહો. ટીવી માત્ર
જોઈ શકો છો. બસમાં હોય
કે ટ્રેનમાં, હંમેશાં મેગેઝિન
જ તમારી સાથે છે.
મેગેઝિન જ
સાચો મિત્ર.



મેગેઝિન
વાંચો,
આગળ
વધો.



રસ્તો શોધો


ટોબી વાઘ અને તેનો ભાઈ રસ્તો ભૂલ્યા છે. તેમને તેમનાં મમ્મીપપ્પા સુધી જવામાં તેમની મદદ કરો.



જવાબ છેલ્લા પાના પર છે.

ટપકાં જોડો

અંકો પ્રમાણે ટપકાં જોડો અને ચિત્ર પૂરું કરો.



ચીકૂ

ચિત્રવાર્તા • દાસ




ચીકૂ સિમેન્ટ પાઈપ પર ઊંધો પડીને મીકુની રાહ જોતો હતો.
મીકુએ કહ્યું હતું કે મારી અહીં રાહ જોજે પણ તે છે ક્યાં?


હું વધારે રાહ નથી જોઈ શકતો. મારે જોવું પડશે કે કયા કારણે તેને મોડું થઈ રહ્યું છે.


ચીકૂ મીકુને શોધવા નીકળ્યો.
અચ્છા, તો બિલાડી અહીં બેઠી છે, આ કારણ છે મીકુ મને સમય પર ન મળી શક્યો.


ચીકૂ સિમેન્ટ પાઈપ બાજું પાછો આવ્યો.
મીકુએ મને મળવા નક્કી કોઈ ચોક્કસ રસ્તો પસંદ કર્યો હશે.


એક સુરંગમાથી મીકુ પાઈપ સુધી આવ્યો.
અરે ચીકૂ તો અહીં નથી. મારે તેની રાહ જોવી પડશે.


એક જાદૂગર ટોપી પહેરીને મીકુની નજીક આવ્યો.
શું હું અહીં બેસી શકું છું.


જરૂર.


આભાર, તમે એક ભલા માણસ છો.


ધન્યવાદ, તમે મને તમારા વિશે જણાવો. તમે કોણ છો અને તમે શું કરો છો?


હું એક જાદૂગર છું. હું કોઈપણ વસ્તુને ગાયબ કરવામાં મારી શક્તિનો ઉપયોગ કરી શકું છું.
!


એક કાગડાએ ઝાપટો માર્યો અને જાદૂગરની ટોપી લઈને ઊડી ગયો.
અરે, મારી ટોપી.


જાદૂગરે પોતાની બેગ ત્યાં છોડીને કાગડાની પાછળ દોડવા લાગ્યો.
અરે ના, હવે હું ક્યારેય તે ટોપીને નહીં જોઈ શકું.


અચ્છા, તો શું તમારી ટોપી ગાયબ થઈ ગઈ?
ના, તે કાગડો તેને લઈ ગયો. પણ મારી બેગ ક્યાં છે?


મેં મારી શક્તિનો ઉપયોગ કર્યો અને તેને ગાયબ કરી દીધી.
તમે ખોટું બોલો છો. જાદૂઈ શક્તિ જેવી કોઈ વસ્તુ જ નથી. જાદુ ટ્રિક્સની એક શ્રેણી છે જેનો ઉપયોગ લોકોને મૂર્ખ બનાવવામાં થાય છે.


ચીકૂ ત્યાં આવ્યો અને તેણે જાદૂગરની વાર્તા સાંભળી.
મને એમ કે આ ઉંદર સારો છે, પણ આ તો હવે ચોર બની ગયો.


ચિંતા ન કર. હું મારી ખાસ શક્તિનો ઉપયોગ કરીશ અને તારી બેગ પાછી લાવીશ. આબરા કા ડાબરા...


ચીકૂ પાઈપની પાછળ ગયો અને તેને ધક્કો માર્યો.


બેગ પાછી આવી. બેગ પાછી આવી. મૂરખ ન બન. ખુશ થા. આ લે પકડ તારી બેગ.
બેગ પાઈપની નીચે એક બખોલમાં છુપાવી હતી પણ તને ખબર કેવી રીતે પડી?


હા, તેં પાઈપને બખોલની પર ખેંચી લીધી હતી. તેની નીચેનું ઘાસ દબાઈ ગયું હતું. તેથી મેં શોધી લીધું.
શું વાત છે, આશ્ચર્ય. તું હકીકતમાં એક જાદૂગર છે.



ડોનીની ભેટ

વાર્તા • ડો. કે રાની

ઓગસ્ટ મહિનો પૂરો થવાનો હતો. શિક્ષક દિવસ નજીક આવી રહ્યો હતો. ચીકૂ સસલો અને તેના સહાધ્યાયીઓનો ઉત્સાહ વધારી રહ્યા હતા. સામાન્ય રીતે આ દિવસે બધા બાળકો પોતાના શિક્ષકોને સુંદર ભેટ આપીને પોતાના ઉદ્‌ગાર વ્યક્ત કરતા. ચીકૂએ પહેલાં જ વિચારી લીધું હતું કે તે શિક્ષક દિવસ પર પોતાના શિક્ષકોને શું ભેટ આપશે? તેની બધી ઈચ્છાઓ મનમાં રહી ગઈ જ્યારે તેના ક્લાસ ટીચર હેરી ઘોડા સરે પોતાના ક્લાસના બાળકોને શિક્ષક દિવસ અંગે કોઈ જરૂરી માહિતી આપી.

''બાળકો, તમને ખબર છે કે શિક્ષક દિવસ નજીક આવી રહ્યો છે.''

''યસ સર.'' બધા બાળકો એકસાથે બોલ્યા.

''આ દિવસને ઉજવવા માટે તમે તૈયારી શરૂ કરી દીધી છે?'' હેરી સરે પૂછ્યું તો ચીકુ સસલાએ ફટાફટ હાથ ઊંચો કર્યો અને બોલ્યો, ''સર અમે આ દિવસ માટે ભેટ ખદીદીશું. અમે વિચારી લીધું છે કે અમે અમારા સરને શું ગિફ્ટ આપીશું.''

''આ તો ખૂબ સારી વાત છે. તમે તમારા ટીચરને આટલા પસંદ કરો છો.''

''હા સર.'' ચીકૂ બોલ્યો.

''પરંતુ હું તમને કંઈક બીજું જણાવવા ઈચ્છું છું. મને આશા છે કે તમે મારી ઈચ્છાને માન આપશો.'' હેરી સર બોલ્યા.

''હા સર, અમે એવું જ કરીશું.''

''હું શિક્ષક દિવસ પર તમારી પાસેથી કોઈ ભેટ લેવા નથી ઈચ્છતો.'' હેરી સરે કહ્યું.

''ના સર, એવું શક્ય નથી. પ્લીઝ સર.'' બધા એક સાથે બોલ્યા.

''સારું જો તમે માન આપવા ઈચ્છો છો તો મારી એક શરત છે.''

''કેવી શરત?''

''મને ગિફ્ટમાં ભેટ ન જોઈએ, તેમાં મારા પ્રત્યે તમારી લાગણીઓ દેખાવી જોઈએ કે તમે મને કેટલા પસંદ કરો છો. ગિફ્ટ ખૂબ જ સસ્તી હોવી જોઈએ. રૂપિયાથી તો તમે કંઈપણ ખરીદીને લાવી શકો છો.''

સરની વાત સાંભળીને બધા ચૂપ થઈ ગયા. હેરી સરે આગળ કહ્યું, ''ગિફ્ટ એવી હોવી જોઈએ જે હંમેશાં યાદ રહે અને મારા દિલને સ્પર્શી જાય.''

''હા સર, બધા બાળકો બોલ્યા. તેમના અવાજમાં હવે જોશ નહોતું.

''શું થયું? ઉદાસ કેમ થઈ ગયા?'' હેરીએ તેમને જોતા જ પૂછ્યું.

''સર, અમે તો કેટલીય ગિફ્ટ્સ વિશે વિચારી રાખ્યું હતું. તે બધું હવે નકામું.'' ચીકુ બોલ્યો.

''કોઈ વાંધો નહીં. હજી શિક્ષક દિવસ માટે સમય છે. મેં તમને જણાવી દીધું છે. તમારી ગિફ્ટમાં મારા માટે લાગણી પણ છલકાવી જોઈએ.'' હેરી સર બોલ્યા. ક્લાસ પૂરો થયા પછી બધા બાળકોના ચહેરા લટકતા હતા.

''શું થયું ચીકુ?'' ચીચી લોંકડીએ પૂછ્યું.

''શિક્ષક દિવસ પર સર આપણી પાસેથી કોઈ ગિફ્ટ લેવા નથી ઈચ્છતા જ્યારે ગિફ્ટ તો સારી જ હોવી જોઈએ.'' ચીકુ બોલ્યો.

''અમારા સર બધાથી અલગ છે. બધાની પોતપોતાની વિચારસરણી છે. તેમણે પોતાની ઈચ્છા જણાવી. બાકી તો આપનાર પર છે કે તે શું આપવા ઈચ્છે છે?'' ચીચી બોલી.

''સરે કહ્યું કે તેમને સસ્તી અને યાદગાર ગિફ્ટ જોઈએ.'' ચીકૂ બોલ્યો.

''અમે એવી ગિફ્ટ ક્યાંથી લઈને આવીએ જે સસ્તી પણ હોય અને લાંબા સમય સુધી પણ ચાલે?'' ચીચીએ પૂછ્યું.

''અમારે તેના વિશે વિચારવું પડશે.''

બધા બાળકો પોતપોતાની રીતે સરની વાતોનો અર્થ કાઢી રહ્યા હતા. ડોની હરણ ચુપચાપ ઊભો રહી બધાની વાતો સાંભળી રહ્યો હતો. તેની મમ્મી પાસે એટલા રૂપિયા નહોતા કે તે સર માટે મોંઘી ગિફ્ટ લઈને આવી શકે. તેથી હેરી સરની વાતો સાંભળીને તેને થોડી રાહત મળી ગઈ હતી. તેને સમજાતું નહોતું કે થોડાક રૂપિયામાં કઈ યાદગાર ગિફ્ટ લાવવી? તે ઘરે પાછા ફરતા રસ્તામાં એ જ વિચારતો રહ્યો. ઘરે આવતા જ તેણે પોતાની માને આ વાત જણાવી દીધી.

''તું ચિંતા ન કર. હું તેની વ્યવસ્થા કરી દઈશ.'' મા બોલી. તેમની વાત સાંભળીને ડોનીને ઘણી રાહત મળી. તે જાણતો હતો કે તેની મા નક્કી તેના માટે હંમેશાંની જેમ કંઈક સારું અને હટકે વિચારશે. તે શિક્ષક દિવસની ગિફ્ટ માટે નિશ્ચિંત થઈ ગયો હતો.

સ્કૂલમાં આજકાલ આ જ વાત ચર્ચાનો વિષય બની ગઈ હતી કે હેરી સરે આ બાબતે બાળકોને ગિફ્ટ લાવવાની ના પાડી દીધી છે. તેમને પોતાના પ્રત્યે બાળકોની લાગણી સાથે વધારે મતલબ હતો, ગિફ્ટની કિંમત સાથે નહીં.

ડોનીની મા પણ વિચારી રહી હતી કે તે કઈ ગિફ્ટ તૈયાર કરે, જે સસ્તી હોય અને યાદગાર પણ. કેટલુંય વિચાર્યા પછી તે એક કૂંડું લાવી અને તેમાં નર્સરીમાંથી એક આમળાનો છોડ લાવીને લગાવી દીધો. તે પછી તેમણે એક ગંજીફાના ડબ્બામાં કૂંડા અને છોડને સજાવીને મૂકી દીધા. બસ હવે તેને શિક્ષક દિવસના દિવસે ગિફ્ટ પેકમાં લપેટવાનો હતો. જ્યારે બપોરે



ડોની સ્કૂલેથી ઘરે આવ્યો તો તેણે પૂછ્યું, ''આ શું છે મા.''

''આ તારા તરફથી હેરી સર માટે શિક્ષક દિવસની ગિફ્ટ છે.''

''આટલી મોટી?''

''આ ડબ્બો જ મોટો છે બેટા. ગિફ્ટ તો ખૂબ સસ્તી છે.''

''આમાં શું છે?''

''આમાં આમળાનો છોડ છે.''

''શિક્ષક દિવસ પર કોઈ ઝાડ આપતું હશે?''

''તો શું થયું? તું આપી દેજે.''

''સરે શું કહ્યું હતું કે ગિફ્ટ સસ્તી અને યાદગાર હોવી જોઈએ.'' ડોની બોલ્યો.



''ઝાડથી વધારે યાદગાર બીજું શું હોઈ શકે છે?'' મા બોલી તો ડોની ચુપ થઈ ગયો.

શિક્ષક દિવસના દિવસે મા એ સવારે ઊઠીને બધાથી પહેલાં ગિફ્ટના પેક પર સુંદર રેપિંગ પેપર લગાવ્યું અને તેને મજબૂત અને સુંદર દોરીથી બાંધી દીધું. મોટા ગિફ્ટ પેકને લઈ જવામાં ડોની હરણને વિચિત્ર લાગી રહ્યું હતું. સ્કૂલે જતાં બધા તેને આશ્ચર્યથી જોઈ રહ્યા હતા.

''ડોની તું આટલી મોટી ગિફ્ટ લઈને આવ્યો છે.'' ચીકુએ પૂછ્યું.

''આ ડબ્બો જ મોટો છે, ગિફ્ટ તો એવી જ છે જેવી સરે કહી છે.'' ડોની બોલ્યો.

''પરંતુ છે શું?'' ચીચીએ પૂછ્યું.

''એ હું તને હમણાં નહી જણાવી શકું, કારણ કે સરે કહ્યું હતું કે ગિફ્ટ સૌથી સારી હશે તેની પ્રશંસા તે બીજા દિવસે કરશે.''

હેરી સરના ક્લાસમાં ૨૫ સ્ટુડેન્ટ હતા. ના પાડવા છતાં બધા સર માટે કોઈને કોઈ ગિફ્ટ લઈને આવ્યા હતા. તે બધાની વચ્ચે ડોનીની ગિફ્ટ સૌથી મોટી દેખાતી હતી. સરે તેને ધ્યાનથી જોઈ અને બોલ્યા, ''ડોની તને મારી વાતો યાદ છે ને.''

''યસ સર, યાદ છે.''

હેરી સરે આગળ કંઈ ન કહ્યું. આખો દિવસ સ્કૂલમાં શિક્ષક દિવસની જ ચહેલપહેલ રહી. સ્કૂલ પૂરી થયા પછી સરે બધી ગિફ્ટ ખોલીને જોઈ. તેમણે ના પાડી છતાં બાળકોએ તેમને મોંઘી ગિફ્ટ લાવીને આપી હતી. હેરી સરે છેલ્લે ડોની હરણની ગિફ્ટ ખોલી. તેમણે પણ ઉત્સુકતા હતી કે આખરે આ મોટા પેકમાં છે શું?

કૂંડામાં આમળાનો છોડ જોઈને તે ખૂબ ખુશ થયા. છોડ પર એક ચિઠ્ઠી લાગેલી હતી. 'આ છોડ હંમેશાં

તમને તમારા પ્રિય શિષ્ય ડોનીની યાદ અપાવતો રહેશે.' તેમણે તરત કૂંડાના ડબ્બામાંથી છોડ બહાર કાઢ્યો અને ઘરના આંગણામાં જગ્યા કરીને તેને ત્યાં લગાવી દીધો.



આજથી પહેલાં હેરી સરને આટલી સારી ગિફ્ટ કોઈએ નહોતી આપી. મોટાભાગના બાળકોએ ડાયરી, પેન સેટ અને પરફ્યૂમ વગેરે જ ગિફ્ટમાં આપ્યા હતા. ડોનીની ગિફ્ટ બધાથી હટકે હતી.

બીજા દિવસે હેરી સર ક્લાસમાં આવ્યા. બધા બાળકોને તેમનો આતુરતાથી ઇંતેજાર હતો. આવતા જ સર બોલ્યા, ''મેં તમને પહેલાં પણ કહ્યું હતું તમારી ગિફ્ટ તમારી લાગણીને પ્રદર્શિત કરનારી અને સસ્તી હોવી જોઈએ. તમારામાંથી મોટાભાગનાએ મારી વાત ન માની અને મોંઘી ગિફ્ટ લાવીને આપી છે. આ મારા નિયમની વિરુદ્ધ છે. હું તેમને મારી પાસે નહીં રાખી શકું. હું તેને તમને પાછી આપી રહ્યો છું.'' એવું કહીને સરે મોંઘી ગિફ્ટ બાળકોને પાછી આપી દીધી.

''પ્લીઝ સર રાખી લો.'' બાળકોએ આગ્રહ કર્યો પણ સર ન માન્યા.

''શિક્ષક દિવસ ગિફ્ટ લેવાનો દિવસ નથી. આ દિવસે ટીચર પ્રત્યે તમારી સુંદર લાગણી પ્રદર્શિત થવી જોઈએ. તમે આપેલી ગિફ્ટ્સથી તો એ ક્યાંય નહોતી દેખાતી.''

''પરંતું અમે દર વર્ષે અમારા ટીચર્સને આવી ગિફ્ટ આપીએ છીએ.'' ચીચી બોલી.

તમે આ પ્રકારની ગિફ્ટ આપતા હશો, પણ હું તેને ન રાખી શકું. ગિફ્ટ સ્વીકાર ન કરવાથી હું તમારી લાગણીને દુભવવા નહોતો ઈચ્છતો. એટલે જ તો મેં તમને સસ્તી અને યાદગાર ગિફ્ટ લાવવાનું કહ્યું હતું. મારી અપેક્ષાઓ પર આ ક્લાસનું માત્ર એક જ બાળક ખરું ઊતર્યું છે. તે છે ડોની હરણ.''

''પરંતુ સર, તે તો ખૂબ મોટી ગિફ્ટ લાવ્યો હતો.'' ચીકૂ બોલ્યો.

''તેનું ગિફ્ટ પેક જ મોટું હતું ગિફ્ટ નહીં. તમે વિચારી પણ નહીં શકો કે તેણે મને કેટલું વહાલું ગિફ્ટ આપ્યું છે. તે પેકમાં એક નાનકડા કૂંડામાં આમળાનો છોડ હતો, જેને મેં શિક્ષક દિવસે મારા ઘરના આંગણામાં વાવ્યો. આ છોડ મને હંમેશાં ડોની અને તેની લાગણીઓની યાદ અપાવતો રહેશે. સાથે લાંબા સમય સુધી મારા ઘરની શોભા વધારશે અને ભોજન માટે સ્વાસ્થ્યવર્ધક ફળ પણ આપશે.''

હેરી સરની વાત સાંભળીને બધા બાળકો ચૂપ થઈ ગયા. બધા બાળકોએ ડોની માટે જોરથી તાળીઓ પાડી. આ જોઈને તે ખૂબ ખુશ થયો અને તેણે માં ને પણ ધન્યવાદ આપ્યા જેમણે સર માટે આ સુંદર ગિફ્ટ તૈયાર કરી હતી. તેને આશા નહોતી કે તેના ટીચર આ ગિફ્ટને આટલી પસંદ કરશે.

જેણે પણ ડોનીની ગિફ્ટ વિશે સાંભળ્યું. તે ડોનીની પ્રશંસા કર્યા વિના ન રહી શક્યું. તેની નાનકડી ગિફ્ટે બધા બાળકોને એક સુંદર સંદેશ આપ્યો હતો. ●

ફ્લાવર બુકે

અમિશા શાહ

આ શિક્ષક દિવસ પર જે શિક્ષક પાસેથી તમે શીખ્યા છો, તેમને ફૂલોનો એક બુકે ભેટ આપો.

તમારે જોઈએ : રંગીન પેપર, ગ્લૂ, કાતર, ક્રાફ્ટવાયર, ગ્રીન ટેપ, સ્કેલ, રિબન, પેન્સિલ.



આ રીતે બનાવો :



1. પેપરની રંગીન શીટ્સમાંથી ૪ સેમી. x ૧૦ સેમી. માપની ૬ સ્ટ્રિપ્સ કાપી લો. ૩.૫ સેમી. x ૭ સેમી. માપની ૫ પીળી શીટ્સની સ્ટ્રિપ્સ કાપી લો.



2. ૧૫ સેન્ટિમીટરનો ક્રાફ્ટવાયર કાપી લો અને તેને ગ્રીન ટેપથી ઢાંકી દો.



3. જેવું કે ચિત્રમાં બતાવવામાં આવ્યું છે, પીળા પેપરથી ૧ સેન્ટિમીટરની સ્પેસ છોડતા પહોળાઈમાં પાતળી પટ્ટીઓ કાપી લો.



4. વાયરના છેડા પર ચારેબાજુ પીળા પેપરને લપેટી દો.



5. પાંખડીના આકારમાં રંગીન સ્ટ્રિપ્સ કાપી લો. તેમને એકસાથે ચોંટાડી દો.

હવે તમારો ફ્લાવર બુકે બનીને તૈયાર છે.



6. ફૂલને પૂર્ણ કરવા માટે વાયરને વચ્ચે ચોંટાડી દો. પેન્સિલનો ઉપયોગ કરતા દરેક પાંખડીની કિનારીને કર્લ એટલે કે વાળી લો.



7. આ રીતે બીજા ફૂલ પણ બનાવી લો.



8. એક એ-૪ શીટને રોલ કરો અને શંકુ આકાર આપીને તેને ગુંદરથી સુનિશ્ચિત કરો. શંકુમાં બધાં ફૂલોને નાખો. તેની ચારેબાજુ રિબન બાંધી દો અને મેસેજ લખવા માટે એક કાર્ડ પણ લગાવી દો.

શિક્ષક દિવસની શુભેચ્છા

તમારા ઘરે આ જાતે બનાવવાનો પ્રયત્ન કરો. અમને તમારી એન્ટ્રિ.
writetochampak@delhipress.in અથવા એક ફોટો પાડીને + ૯૧ ૯૬૧૯૫૮૭૬ પર મોકલી દો.



ચિત્ર પૂરું કરો

આ ચિત્રમાં કેટલાક ભાગ ખાલી રહી ગયા છે. ચિત્રને જુઓ, તેમને પૂરા કરો અને પછી રંગ પૂરો.

ખાડામાં હાથી

વાર્તા • સંજીવ જાયસવાલ

જંગલના રાજા લિયો સિંહ પોતાના મહેલમાં બેઠા હતા. ત્યારે મોન્ટી વાંદરો ચીસો પાડતો આવ્યો, ''મહારાજ, જોજો હાથી ખાડામાં પડી ગયો છે અને અમે તેને બહાર નથી કાઢી શક્યા.''

''જોજોને તો જંગલનો એકએક રસ્તો ખબર છે પછી તે ખાડામાં કેવી રીતે પડી ગયો છે?'' રાજાએ પૂછ્યું.

''શિકારીઓએ તાજેતરમાં એક વિશાળ ખાડો ખોદીને તેને ઘાંસફૂસથી ઢાંકી દીધો હતો. જોજો તેને જોઈ ન શક્યો અને તેમાં પડી ગયો.'' મોંટીએ કહ્યું.

''જોજો હંમેશાં બધાની મદદ કરે છે. આજે તે મુસીબીતમાં છે આપણે તેની પાસે અત્યારે જ જવું પડશે.'' રાજા તાત્કાલિક મોંટી સાથે નીકળી ગયા.

''જંગલની વચ્ચોવચ એક વિશાળ વડલો હતો. તેની ડાળીઓ દૂરદૂર લટકી રહી હતી. વડલાથી થોડે દૂર એક ખાડામાં જોજો પડ્યો હતો. કેટલાય પ્રાણી તે ખાડાની આસપાસ ઊભા હતા.

રાજાએ જોજોને જોયો. તેને ખૂબ ઈજાઓ થઈ હતી. તેમણે આશ્વાસન આપ્યું, ''જોજો, ગભરાઈશ નહીં. હું આવી ગયો છું. હું હમણાં જ તને ખાડામાંથી બહાર કાઢી લઈશ.''

કોઈ કંઈ સમજે એ પહેલાં રાજા છલાંગ મારીને ખાડાની અંદર પહોંચી ગયા અને બોલ્યા, ''જોજો, તું જરા ત્યાં ખસ. હું નીચેથી હાથ કરીને તને ઊંચો કરું છું.''

જોજો થોડો ખસી ગયો. રાજાએ પોતાના બંને હાથ તેની કમરની નીચે લગાવીને જોર લગાવ્યું, ''જોર લગા કર હૈસા... હાથી બહાર નીકળ ભાઈ...''

રાજાના શ્વાસોશ્વાસ વધી ગયા પણ તે જોજોને હલાવી પણ ન શક્યા. તેમણે તેને નીચે સુધી જોયો પછી પરસેવો લૂછતા બોલ્યા, ''ઓહ... જોજો તું તો થોડોક પણ ન હલ્યો. ખૂબ ભારે છે તું. પરંતુ ચિંતા ન કર. હું ફરીથી જોર લગાવું છું. તું પણ થોડોક ઉપર કૂદવાનો પ્રયાસ કરજે. આ વખતે તને જરૂર બહાર કાઢી લઈશ.''

મંત્રી બ્લેકી હજી સુધી ચુપચાપ બહાર ઊભો હતો. જ્યારે રાજાને ફરી જો લગાવતા જોયા તો તેમણે ટોક્યા, ''મહારાજ, રહેવા દો. અમે બધા ખૂબ જોર લગાવી ચૂક્યા છીએ, પણ આ જોજો એટલો ભારે છે કે ખાડામાંથી બહાર કાઢવાનો તો દૂર આને એક ઈંચ પણ ઉપર ન ઉઠાવી શક્યા. તમે પણ બહાર આવી જાઓ.''



''પરંતુ જોજો અમારો સૌથી સારો સાથી છે. તે હંમેશાં બધાની મદદ કરે છે. તેને આ રીતે મુસીબતમાં ન મૂકી શકાય.'' રાજાએ કહ્યું.

''તે માટે કોઈ તરકીબ વિચારીશું. અત્યારે તમે બહાર આવી જાઓ.'' બ્લેકીએ સમજાવ્યું.

રાજા બહાર આવી ગયા પછી ત્યાં ભેગા થયેલી ભીડને જોતા બોલ્યા, ''અહીં બધા પ્રાણીઓ ભેગા થયા છે પરંતુ રેંચો ગેંડો દેખાઈ રહ્યો નહોતો?''

''મહારાજ, તે દિવસ આખો ઘોડા વેચીને ઊંઘતો રહે છે. લાગે છે તેને ખબર નથી નહીં તો તે અત્યાર સુધી જરૂર આવી જતો.'' મોંટીએ કહ્યું.

''તે જ સૌથી શક્તિશાળી પ્રાણી છે જે જોજોને ખાડામાંથી બહાર કાઢી શકે છે. તું દોડીને તેને બોલાવી લાવ.'' શેરસિંહે કહ્યું.

મોંટી થોડીવારમાં રેંચોને બોલાવી લાવ્યો. તેણે કહ્યું, ''મહારાજ, તમે ચિંતા ન કરો. હું હમણાં ખાડામાં જઈને જોજોને બહાર કાઢી દઉં છું.''

આ સાંભળીને જોજોએ નીચેથી બૂમ પાડી, ''એ રેંચો, તું અંદર ન આવતો.''

''જોજો મારા મિત્ર, ગભરાઈશ નહીં. હું ખૂબ આરામથી નીચે ઊતરીશ. તને કચડીશ નહીં.'' રેંચો હસીને બોલ્યો.

''ઊભા રહો. પહેલાં મારી વાત સાંભળો.'' જોજોએ ચીસ પાડી.

''તારી વાત તો હું ખાડામાંથી બહાર કાઢ્યા પછી જ સાંભળીશ.'' રેંચો ખાડા તરફ વધ્યો.

''અરે મૂરખ, તું તો મને બહાર કાઢીશ પણ પછી તને બહાર કોણ કાઢશે?'' જોજોએ ચીસ પાડી.

''અરે, આ તો મેં વિચાર્યું જ નહોતું.'' રેંચો ગભરાઈને અટકી ગયો.

આ એક ગંભીર સમસ્યા હતી. બધા પ્રાણીઓ વિચારમાં પડી ગયા. ડૂબડૂબ ગધેડો કેટલીય વારથી ભીડની વચ્ચે ઊભો રહીને આ તમાશો જોઈ રહ્યો હતો. તેનાથી રહેવાયું નહીં. તે બોલી પડ્યો, ''રેંચો ચિંતા ન કર. તને બહાર કાઢવો તો ખૂબ સરળ છે?''

''તે કેવી રીતે?'' રેંચોએ પૂછ્યું.

''તું જોજોને બહાર કાઢ. પછી ખાડામાં જઈને જલદીથી તે તને બહાર કાઢશે.'' ડૂબડૂબે તરકીબ જણાવી.

''તે પછી હું ખાડામાં જઈને જોજોને ફરીથી બહાર



કાઢીશ.'' રેંચોએ ડૂબડૂબ સામે જોયું.

''વાહ તું તો ખૂબ સમજદાર છે. ખૂબ જલદીથી પૂરી વાત સમજી ગયો.'' ડૂબડૂબ પોતાના પગ ઉછાળતા હસી પડ્યો પરંતુ તેની ખુશી જોઈ રેંચો ગુસ્સામાં ભડકી ગયો, ''તેં શું અમને લોકોને તારી જેમ મૂરખ સમજી રાખ્યા છે જે અમે એકબીજાને બહાર કાઢવા સરકસ કરતા રહીશું.''

ડૂબડૂબ સમજી ગયો કે તેણે કોઈ મૂર્ખતાની વાત કરી છે એટલે ચૂપ થઈ ગયો. ત્યારે રાજાએ રેંચોના ખભા પર પોતાનો પંજો મૂક્યો અને, ''રેંચો, શાંત થઈ જા જોજોને બહાર કાઢવાની કોઈ તરકીબ વિચાર.''

''નીલુ પોપટે સૂચન આપ્યું, ''મહારાજ, જો ખાડામાં પાણી ભરી દેવાય તો જોજો તરીને બહાર નીકળી શકે છે.'' બધા પ્રાણી તેની વાત સાંભળીને ખુશીથી તાળીઓ પાડવા લાગ્યા.

''નીલુ, તારી તરકીબ તો સારી છે પણ કોઈ ખાડામાં એટલું પાણી નહીં ભરી શકે કે જોજો જેવું ભારેભરખમ પ્રાણી તેમાં તરી શકે.'' રાજાએ જણાવ્યું.

''તો મહારાજ, ખાડાને માટીથી પૂરી દઈએ. જેથી જોજો તે માટી પર ચડીને બહાર આવે.'' ચીકૂ સસલાએ સલાહ આપી.

''જોજો તારી જેમ હળવોફૂલ નથી. રાખોડી માટીમાંથી બહાર નીકળવાનું તો દૂર તે તેમાં ફસાઈ જશે.'' રાજાએ ચીકૂની સલાહ નકારી દીધી.

સમય વીતતો જઈ રહ્યો હતો પણ કોઈને સમજાતું નહોતું કે જોજોને બહાર કેવી રીતે કાઢવો. સેલી અજગર પણ ત્યાં ઊભો હતો. તેને જોઈને ડોલી હરણને એક તરકીબ સૂઝી, ''મહારાજ, સેલી જો પોતાની પૂંછડી ખાડામાં લટકાવે તો તેને પકડીને જોજો ખૂબ આરામથી બહાર નીકળી શકે છે.''

''સેલીની પૂંછડી પકડીને તારા જેવા હલકાફુલકા તો બહાર આવી શકે છે, પણ જો જોજોએ સેલીની પૂંછડી ખેંચી તો સેલી પોતે ખાડામાં પડી જશે.'' રાજાએ સમજાવ્યો.

''આ વાત તો મેં વિચારી જ નહોતી.'' ડોલી શરમાઈને ચુપ થઈ ગયો પણ ડૂબડૂબને તેની વાતમાં એક રસ્તો દેખાયો. તે હાથ ઉઠાવીને ચીસ પાડવા લાગ્યો, ''મહારાજ, મેં તરકીબ વિચારી લીધી છે.''

''તું ચૂપ રહે. અમારે નથી સાંભળવી તારી નકામી તરકીબ.'' રેંચોએ તેને ઠપકો આપ્યો.

''બસ, મારી વાત તો સાંભળો. આ વખતે મેં ખૂબ સારી તરકીબ વિચારી છે.'' ડૂબડૂબ ઊછળવા લાગ્યો.

રેંચો તેને ફરી ઠપકો આપી રહ્યો હતો પણ રાજાએ કહ્યું, ''રેંચો, પહેલાં તેની તરકીબ તો સાંભળ.''

''મહારાજ, તમે તો જાણો જ છો કે આ ડૂબડૂબ હંમેશાં કેવી વાતો કરે છે.'' રેંચોએ કહ્યું.

''ક્યારેક ક્યારેક મોટામોટા વિદ્વાન પણ જે વાત નથી વિચારી શકતા તેને સામાન્ય લોકો વિચારી લે છે. તેથી તેને તરકીબ જણાવવા દો.'' રાજાએ રેંચોને સમજાવ્યો. પછી તેમણે તેની સામે જોયું, ''બોલ તું શું કહેવા ઈચ્છે છે.''



''મહારાજ, પૂરી દુનિયા જાણે છે કે અમારી ગધેડાઓની સામાન ઉંચકવાની ને ખેંચવાની શક્તિ ખૂબ વધારે હોય છે.''

''હા, એ વાત તો સાચી છે.'' રાજાએ માથું હલાવ્યું.

''તમે લોકો સેલી અજગરની પૂંછડી મારી કમરે બાંધી દો અને તેનું મોં ખાડામાં લટકાવી દો. જોજો તેને ખેંચીને પકડી લેશે પછી હું પૂરી તાકાતથી ખેંચીશ, જોજોને બહાર કાઢી લઈશ.''

આ સાંભળતા જ સેલીએ ચીસો પાડી, ''અરે, તું શું કહી રહ્યો હતો? નકામી વાત કરી રહ્યો છે. જોજો ખાડામાંથી બહાર નીકળે ન નીકળે, પણ તે લટકશે તો મારા બે ટુકડા ચોક્કસ થઈ જશે.''

''જુઓ મહારાજ, હું કહી રહ્યો હતો ને કે આ ડૂબડૂબ હંમેશાં નકામી જ વાત કરશે.'' રેંચોએ ગુસ્સામાં કહ્યું.

''રેંચો, આટલો ગુસ્સો કરવો સારી વાત નથી.'' રાજાએ રેંચોનો ખભો થપથપાવીને બોલ્યા, ''ડૂબડૂબની વાત ભલે બકવાસ લાગી રહી હોય, પણ તેણે જોજોને બહાર કાઢવાનો રસ્તો બતાવ્યો છે.''

આ સાંભળીને સેલીની હાલત ખરાબ થઈ ગઈ હતી. તે કરગરવા લાગ્યો, ''મહારાજ, મારી પર દયા કરો. ડૂબડૂબની વાત ન માનો નહીં તો હકીકતમાં મારા બે ટુકડા થઈ જશે.''

''સેલી, ગભરાઈશ નહીં. મારો કહેવાનો અર્થ છે કે તરકીબ ડૂબડૂબની જ રહેશે. પરંતુ ખાડામાં તું નહીં પણ વડલાની આ મજબૂત વડવાઈ લટકાવવામાં આવશે. તેમને પકડીને જોજો આરામથી બહાર નીકળી આવશે.'' રાજાએ ત્યાં લટકતી વડલાની મોટીમોટી વડવાઈ તરફ ઈશારો કર્યો.

આ સાંભળીને રેંચો ખુશીથી ઊછળી પડ્યો, ''અરે વાહ, આ તો ખૂબ સરળ તરકીબ છે. આ વાત મેં કેમ ન વિચારી?''

''હેં... હેં... હેં... આજકાલ વિચારવાનું કામ અમે ગધેડા કરવા લાગ્યા છીએ.'' ઢેંચૂ રેંચો સામે પોતાના દાંત કાઢતા હસ્યો.

આ જોઈ રાજા પણ હસી પડ્યા, ''ડૂબડૂબ, તું સાચું કહી રહ્યો છો, પરંતુ જો પરવાનગી હોય તો તારી યોજનામાં આગળ જોડવા ઈચ્છીશ.''

''મહારાજ તમે રાજા છો. જે ઈચ્છો તે કરી શકો છો મહારાજ.'' ડૂબડૂબે તાત્કાલિક હાથ જોડ્યા.

રાજા ત્યાં ભેગી થયેલી ભીડને જોઈને બોલ્યા, ''ડૂબડૂબનું સૂચન ખૂબ સારું છે, પરંતુ અમે લોકો વડલાની વડવાઈને ડૂબડૂબના બદલે રેંચોના પગમાં બાંધીશું. તે ખૂબ આરામથી જોજોને ખેંચીને બહાર કાઢશે.''

''હા, હા, મહારાજ, જોજોને બહાર તો હું જ કાઢતો, પણ તમે જે કહી રહ્યા છો તે પણ ઠીક છે.'' ડૂબડૂબે તાત્કાલિક માથું હલાવીને રાજાની વાતનું સમર્થન કર્યું.

રાજાના ઈશારે વડલાની લાંબી લાંબી વડવાઈને કાપીને મોટાં દોરડાંની જેમ બાંધી લેવામાં આવી. તેનો એક છેડો

રેંચોના પગમાં બાંધવામાં આવ્યો અને બીજો ખાડામાં લટકાવી દેવામાં આવ્યો.

જોજોએ દોરડાંને ઝાટકો આપીને તેની મજબૂતીને પારખી. દોરડું મજબૂત હતું. ત્યારે મોંટીએ ચીસો પાડીને પૂછ્યું, ''જોજો ભાઈ, તૈયાર છે?''

''હા, હું તૈયાર છું.''

મોંટીએ રેંચોને આગળ વધવાનો ઈશારો કર્યો. દોરડાંના સહારે જોજોએ પણ ધીમેધીમે ખાડામાંથી બહાર આવવાનું શરૂ કરી દીધું. બધા પ્રાણીઓ તેની હિંમત વધારવા લાગ્યા.

જોજોનો આગામી હિસ્સો આરામથી ખાડામાંથી બહાર આવી ગયો, પણ પાછળનો ભાગ હજી ખાડાની અંદર લટકતો હતો. તેનું વજન ખૂબ વધારે હતું એટલે લાખ પ્રયાસ કરવા છતાં પૂરી રીતે બહાર ન નીકળી શકતો નહોતો. આ જોઈને રેંચોએ પૂરી તાકાતથી દોરડાંને ખેંચી લીધું.

રાજા સમયનો તકાજો સમજી ગયા હતા. તેમણે જલદીથી જોજોના હાથને પકડી લીધો અને તે પહેલાં કે દોરડું તૂટી જાય તેમણે ઝાટકા સાથે તેને ઉપર ખેંચી લીધો.

''મહારાજની જય.'' બધા પ્રાણીઓ ખુશીથી ચીસો પાડવા લાગ્યા.

''અરે, ભાઈ જય મારી નહીં ડૂબડૂબની બોલો. તેણે જ જોજોને બચાવવામાં અમારી મદદ કરી.'' રાજા હસી પડ્યા.

જોજોની આંખમાં આંસુ આવી ગયા હતા. તેણે ડૂબડૂબને ગળે લગાવી લીધો, ''મારા વહાલા, અમને માફ કરી દે. અમે લોકો હંમેશાં તમારી મજાક ઉડાવતા રહેતા હતા, પણ અમને ખુશી છે કે તું અમારો મિત્ર છે.''

''જોજો અને ડૂબડૂબ, સૌથી સારા મિત્રો છે.'' રેંચોએ સૂત્ર બુલંદ કર્યું તો બધા તેને પુનરાવર્તિત કરવા લાગ્યા.

રાજાએ ખાડાને માટીથી પૂરાવી દીધો અને જંગલમાં પહેરો વધારી દીધો જેથી શિકારી ફરી તે રસ્તે ન આવે. ●



PARVATHY SUBRAMANIAN

દાદાજી અને વિશ્વ એન્જિનિયર દિન

વાર્તા ● વિવેક ચક્રવર્તી

વાહ, શું શાનદાર પુલ છે. જેમણે આ બનાવ્યો, ખૂબ ટેલેન્ટેડ લોકો હશે.

કોઈપણ એક પુલ બનાવી શકે છે. તે લોકો જેમણે ઝડપી દોડતી કાર બનાવી. સૌથી વધારે ટેલેન્ટેડ તે છે.

એક કાર તો ખૂબ નાની હોય છે, પુલ મોટા હોય છે. બનાવવામાં લાંબો સમય લાગે છે.

કાર ખૂબ ઉપયોગી છે. આપણે મિનિટોમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ આરામથી મુસાફરી કરી શકીએ છીએ.

તમે બંને નકામી ચર્ચા કરો છો. જેમણે આ બનાવ્યા, તે લોકો એકસમાન જેવા જ છે.

શું એક માણસ પુલ અને કાર બંને બનાવી શકે છે?

એક જ માણસ નહીં, પણ તેના જેવા ગુણવાળા લોકો બનાવી શકે છે.


તે કોણ લોકો છે, દાદાજી?
તેમને એન્જિનિયર તરીકે ઓળખવામાં આવે છે.


એન્જિનિયર.
હા, એન્જિનિયર દેશના વિકાસ માટે ખૂબ મહેનત કરે છે. કાર, રોડ, ડેમ, બિલ્ડિંગ, ઊંચી ઈમારતો અને આ પ્રકારની કેટલીય વસ્તુ બનાવવા માટે એક સુનિશ્ચિત યોજના બનાવે છે.
એન્જિનિયર્સ તો ખરેખર ટેલેન્ટેડ હોય છે.
SONAL


હા, એટલે ભારતના સૌથી મહાન એન્જિનિયર મોક્ષગુંડમ વિશ્વેશ્વરૈયાના જન્મદિન ૧૫ સપ્ટેમ્બરને એન્જિનિયર્સ ડે તરીકે ઊજવવામાં આવે છે.
આ તો ખુશીની વાત છે, દાદાજી. જે લોકો આપણા માટે આટલી મહેનત કરે છે, તેમને માન આપવું જોઈએ.
દાદાજીએ સહમતિમાં પોતાનું માથું હલાવ્યું.



ટીચરને માન આપો

ગરિમા ખુરાના

પ્રકાશ જ અંધારાને દૂર કરવાનું એકમાત્ર સાધન છે. આ રીતે ટીચર્સ પણ આપણા પ્રકાશ સ્તંભ છે. ટીચર્સ આપણને સ્કૂલમાં ભણાવે છે, તે આપણા મમ્મીપપ્પા, આપણા મિત્ર, આપણા ભાઈબહેન પણ હોઈ શકે છે, સૌથી મહત્ત્વની વાત આપણા ટીચર્સ આપણને જીવનનો અનુભવ કરાવે છે. અમે અમારા વાચકોના પ્રતિભાવ જાણવા ઈચ્છ્યા કે તે પોતાના શિક્ષકો કે જે લોકો તેમના માટે ટીચર સમાન છે, તેમના વિશે તેમનું શું કહેવું છે.



''જો આપણે ભીની માટી જેવા છીએ તો આપણા ટીચર્સ આર્ટિસ્ટ છે જે આપણને એક ઘડાનું રૂપ આપવા માટે એક મહત્ત્વની ભૂમિકા ભજવે છે, જેથી આપણે મોટા થઈને પ્રગતિ કરી શકીએ. બીજા શબ્દોમાં તે આપણા સહયોગી અને માતાપિતા જેવા છે. આપણે કોણ છીએ, શું છીએ અને કેટલા સમર્થ છીએ, તે જાણવામાં ત આપણને મદદ કરે છે. તે આપણને સોનેરી ભવિષ્યના સપનાં જોવા માટે શિક્ષિત કરે છે. તે આપણને પ્રેરિત કરે છે અને સલાહ આપે છે કે આપણે કેવી રીતે પોતાના સપનાં પૂરા કરી શકીએ છીએ.''

પરવરિશ, આર્ટિસ્ટ મેનેજર

''મારા ટીચર મને સાચા ઉત્તર માટે ચોકલેટ આપે છે. હું અનુભવું છું કે દરેક ટીચર પાસે એક રેફ્રિજરેટર છે, જેમાં કેન્ડિઝ અને ચોકલેટ હોય છે. તેથી ટીચર્સ મારા માટે ખૂબ સ્વીટ છે.''

શ્રેયા, ૧૦ વર્ષ, પાલમપુર

''ટીચર તે વ્યક્તિ છે, જે કોઈ ભેદભાવ કર્યા વિના અમને પ્રેમ કરે છે, જેમ કે નીરુ મેમ કરે છે. તે ક્ષણ જ્યારે તે ક્લાસરૂમમાં પ્રવેશ કરે છે, સ્મિત કરે છે અને કહે છે, 'આઈ લવ યૂ.' બદલામાં અમે પણ એક સ્વરમાં કહીએ છીએ, 'આઈ લવ યૂ મેમ.' મને સ્કૂલે જવું ખૂબ ગમે છે, પરંતુ બીજા ટીચર્સ બોરિંગ છે. મારી ઈચ્છા છે કે ટાઈમટેબલમાં માત્ર ફર્સ્ટ પીરિયડ જ હોય.''

આયુષ, ૫ વર્ષ, હૈદરાબાદ



''મારી મમ્મી મારી ટીચર છે. હું સ્કૂલમાં બધું શીખું છું, પણ જ્યાં સુધી મમ્મી આ બધી વસ્તુને વિસ્તારથી સમજાવી નથી દેતી ત્યાં સુધી કોઈ ટોપિક અથવા વિષય પર મારી પકડ નથી બની શકતી. તે દુનિયાની બેસ્ટ ટીચર છે.''

વિજયંતિ, ૯ વર્ષ, ચંદીગઢ



''મારા ટીચર મને કોઈ પણ સમસ્યાનો સામનો હસતાંહસતાં કરતા શિખવાડે છે. અમે અરુણ ભાઈને હંમેશાં નથી જોતા, પરંતુ મને વાંચવું ગમે છે, તેથી જ્યારે તે પાછા આવે છે, મારા માટે નવી કહાણીના પુસ્તકો લાવે છે અને અન્ય વિદ્યાર્થીઓ માટે અલગ-અલગ વસ્તુ લાવે છે. હું નથી જાણતો કે તે ક્યાં રહે છે, પણ તે મારાથી ક્યાંક દૂર જ રહે છે.''

સલમાન, ૮ વર્ષ, જમ્મુ કાશ્મીર





"ટીચર તમારી પર પૂરું ધ્યાન આપે છે અને તમારી સાથે બેસે છે. ટીચર પાસે આપણી સમસ્યાનું સમાધાન હોય છે, જેમ કે મારા પપ્પા પાસે હોય છે. તે ખૂબ બુદ્ધિશાળી છે અને સૌથી સારા ટીચર છે."

જગજ્યોત સિંહ, ૭ વર્ષ, મુંબઈ

"હું અઠવાડિયાના અંતે કામ કરું છું અને અઠવાડિયું સ્કૂલે જાઉં છું. ટીચર્સ મારાથી માત્ર પાસિંગ માર્ક્સથી વધારે લાવવાની આશા ક્યારેય નથી રાખતા, પરંતુ સુરેશ સર, જેમણે તાજેતરમાં જોઈન કર્યું છે, મેથ્સ અને સાયન્સ શરૂઆતથી ભણાવ્યું. તે પહેલાં હું ૨ પ્લસ ૨ નો ઉત્તર કેટલો હોય છે, કહેવામાં અસમર્થ હતો, પરંતુ તેમણે મને અભ્યાસનું મહત્ત્વ શિખવાડ્યું અને એ પણ જણાવ્યું કે ભણેલીગણેલી વ્યક્તિ કેવી રીતે સારું જીવન જીવે છે. તેમણે મારામાં વિશ્વાસ જગાડ્યો અને મેં એવું જ કર્યું. મારા એક શિક્ષક એ છે, જેમની પર હું વિશ્વાસ કરી શકું."

નિખિલ, ૧૩ વર્ષ, હિમાચલ પ્રદેશ



"શિક્ષક તે છે જે આપણને સારી વાત શિખવાડે છે. એક વાર મારા શિક્ષકે મને જણાવ્યું કે વધારેમાં વધારે વાત કર. જોકે મને બીજા સાથે વધારે વાતો કરવી પસંદ નથી, મને મારું ટિફિન મારી મેમ સાથે શેર કરવું ગમે છે, જેથી તે ક્યારેય પણ એક ટુકડો નથી લેતા તે મારી સાથે વાત કરે છે. તેથી હું તેમને પસંદ કરું છું."

વિજ્ઞાન, ૬ વર્ષ, બેંગલુરુ

"ટીચર પોતાનો વધારેમાં વધારે સમય અમને પરફેક્ટ અને કાબેલ બનાવવામાં લગાવે છે. તે અમને ઠપકો આપે છે, આવું જ મમ્મીપપ્પા પણ કરે છે, કારણ કે અમારા સારા ભવિષ્ય માટે અમને ઢાળવાનો આ એકમાત્ર ઉપાય છે. મારા ટેનિસ કોચ મિસ્ટર જગબીર સિંહ સૌથી વધારે મજબૂત વ્યક્તિ છે, જેથી કદાચ જ મળી શકો, પણ તે રાજ્યમાં સૌથી સારા કોચ છે. તે માત્ર એટલે સ્મિત કરે છે જ્યારે અમે ટુર્નામેન્ટ જીતીએ છીએ. હવે મેં એ વિશ્વાસ કરવાનું શરૂ કરી દીધું કે અમે માત્ર તેમના સ્મિત માટે જ રમીએ છીએ."

સુકૃતિ, ૧૩ વર્ષ
પાનીપત



"તમારા જીવનમાં ટીચર સૌથી બોરિંગ હોઈ શકે છે, પરંતુ તે જ અંતરાળમાં એક આશ્ચર્યચકિત મહિલા પણ હોઈ શકે છે. મારા ટીચર મને ખોટી સંગતથી દૂર રાખવા માટે બધું જ કરે છે અને તે મારી મદદ રમતની સાથેસાથે અભ્યાસમાં પણ કરે છે."

જસરિયા, ૧૧ વર્ષ, ચંદીગઢ



"ટીચર સ્કૂલની અંદર રહે છે. જ્યારે મારું હોમવર્ક પૂરું નથી થતું તો તેઓ મને ઠપકો આપે છે, પરંતુ તે મને ભણાવે અને ક્લાસરૂમમાં સુંદર કવિતા પણ સંભળાવે, યાદ કરાવે છે. હું એક દિવસ પૂજા મેમ માટે એક કવિતા લખીશ. તે સૌથી સારી ટીચર છે."

આશુતોષ, ૧૨ વર્ષ, ગાઝિયાબાદ

અંતર જણાવો

અહીં ૧૦ ભૂલો છે. તે ભૂલો શોધી બતાવો.







આપણું અને તેમનું જીવન

જ્યારે સૂરજ તપી રહ્યો હોય, સૂર્યપ્રકાશ તેજ હોય, અથવા વર્ષા થઈ રહી હોય, તો આપણે સ્વયંને બચાવવા માટે એક છત્રીનો ઉપયોગ કરીએ છીએ. આપણી જેમ જ દક્ષિણ આફ્રિકાની કેપ ગ્રાઉન્ડ સ્કિવરલ એટલે કે ખિસકોલી પણ દરેક જગ્યાએ એક છત્રી લઈને જાય છે. તેની છત્રી હકીકતમાં તેની પૂંછડી છે.

કેપ ગ્રાઉન્ડ સ્કિવરલ દક્ષિણ આફ્રિકામાં કાલાહારી રણમાં રહે છે. તે ખિસકોલીઓ જેને આપણે આપણા બગીચા અને પાર્કમાં ઝાડ પર રહેતા જોઈએ છીએ અને સામાન્ય રીતે આપણી આસપાસ જોઈએ છીએ, તેની જેમ આ કેપ ગ્રાઉન્ડ ખિસકોલી નથી રહેતી. તે બિલ એટલે કે સુરંગમાં રહે છે. એવું એટલે છે કારણ કે રણમાં વૃક્ષ નથી હોતા. ખિસકોલી પોતાનો દિવસ ભોજનની શોધ એટલે કે છોડ અને બી ને શોધવામાં વિતાવે છે. તેથી તે તેજ સૂર્યપ્રકાશમાં બહાર જતા નથી અટકતી. આ જ કારણ છે કે તેની ઘનઘોર ઝાડી જેવી પૂંછડી તેના રક્ષણ માટે આગળ આવે છે. તે પોતાની પૂંછડીનો ઉપયોગ પોતાના માથાને ઢાંકવામાં કરે છે જ્યારે તે ખોરાક શોધી રહી હોય છે. તે પોતાની પીઠને સૂરજના તેજ કિરણો તરફ કરી દે છે અને તેની પૂંછડી પીઠ તરફ માથાને ઢાંકવા માટે ઊભી થઈ જાય છે.

પૂંછડી બળબળતા રણની ગરમી સામે તેનું રક્ષણ કરે છે. ભોજન કરવા અને રણમાં ચારેબાજુ ભટકવા માટે પૂંછડી તેને ઘણો સમય આપે છે.

જ્યારે ગરમી વધી જાય છે ત્યારે ખિસકોલીઓ પોતાનો દિવસ બિલમાં વિતાવે છે જે ખૂબ ઠંડા હોય છે, કારણ કે બિલ સપાટીથી ૬૦ સે.મી. નીચે હોય છે.

કેપ ગ્રાઉન્ડ સ્કિવરલ ભોજન ભેગું નથી કરતી, તેથી ખોરાકની શોધમાં નીકળવું તેનું રોજનું કામ છે. તેને પાણી પીવાની જરૂર નથી પડતી અને જે ખોરાક તે ખાય છે તેમાંથી ભેજ મેળવી લે છે.



તારી નોટમાં ભૂલ

વાર્તા • કુસુમ અગ્રવાલ



વાર્ષિક પરીક્ષા નજીક આવી રહી હતી, હવે ટિયાને પોતાના અભ્યાસની ચિંતા સતાવવા લાગી હતી.

''એક દિવસે સ્કૂલેથી પાછા આવતા જ તેણે કહ્યું, ''મમ્મી, શું તમે રોજ મને એક કલાક ભણાવશો?''

ટિયાની વાત સાંભળીને શૈલજા ખૂબ ખુશ થઈ.

તે પણ એ જ ઈચ્છતી હતી, પરંતુ ટિયા તેની એક વાત સાંભળતી નહોતી.

જોકે ટિયા પણ ભણવામાં ખૂબ હોશિયાર હતી અને જાતે ભણી લેતી હતી. ટેસ્ટમાં તેના માર્ક્સ પણ સારા આવતા હતા. તેમ છતાં ક્યાંક ક્યાંક તેના માર્ક્સ કપાઈ જતા હતા. ટિયાને સમજાતું નહોતું કે તે દરેક વિષય સારી રીતે યાદ રાખે છે છતાં તેનાથી પરીક્ષામાં ભૂલ કેવી રીતે થાય છે? તેથી આ સમયે તેણે વધારે મહેનત કરવાનું વિચાર્યું.

''આવ ટિયા, તને ભણાવું.'' શૈલજાએ કહ્યું, કારણ કે તેની પાસે સમય હતો. માની વાત સાંભળીને ટિયા પુસ્તકો લઈને તેની પાસે આવી ગઈ.

શૈલજાએ સૌપ્રથમ હિંદીની બુક હાથમાં લીધી.

''દીકરી, કયાકયા પાઠ આવશે આ વખતે?'' માએ ટિયાને પૂછ્યું.

''ટિયા બોલી મમ્મી, આ વખતે તો પૂરો સિલેબસ આવશે, પરંતુ ચિંતાની કોઈ વાત નથી. મને બધા પાઠ યાદ છે. ઈચ્છો તો તમે સાંભળી લો.''

''ઠીક છે. હું પહેલા પાઠમાંથી તને પ્રશ્નો પૂછું છું.'' કહીને શૈલજાએ ટિયાને પ્રશ્નો પૂછવા શરૂ કર્યા. ખરેખર ટિયાને તો બધા પાઠ યાદ હતા અને તે બધા પ્રશ્નોના સાચા જવાબ પણ આપી રહી હતી.

આ જોઈને શૈલજા ખૂબ ખુશ થઈ ગઈ.

''ચાલ, હવે તને શબ્દોના અર્થ પૂછું છું.'' કહીને શૈલજાએ શબ્દાર્થ પૂછવા શરૂ કરી દીધા. જોકે ટિયાને તો તે પણ યાદ હતા. ''સારું, કહે તરંગનો શું અર્થ



થાય છે?'' શૈલજાએ ટિયાની નોટબુકમાં જોઈને પૂછ્યું.

ટિયાએ તરત જવાબ આપ્યો, ''ઘોડો.''

''ના, જવાબ ખોટો છે. તરંગનો અર્થ થાય છે લહેર. ઘોડા માટે તો તુરંગ શબ્દ છે.''

''ના ના મા, તરંગનો અર્થ ઘોડો થાય છે. જો મારી બુકમાં પણ એવું લખ્યું છે અને મેડમે ટિક પણ કરી છે.'' ટિયા બોલી.

શૈલજાએ જોયું તો તેની નોટબુકમાં તરંગનો અર્થ ઘોડો જ લખ્યું હતું. ટિયાની શિક્ષિકાએ પણ તેની નોટબુક તપાસીને ખરાની નિશાની પણ કરી હતી.

શૈલજાએ પુસ્તકમાં તે પાઠ ધ્યાનથી વાંચ્યો તો તેમાં તુરંગ શબ્દ અને ઘોડાનું વર્ણન પણ હતું એટલે કે નોટબુકમાં શબ્દ ખોટો લખવામાં આવ્યો હતો.

''દીકરી, બની શકે કે તારી શિક્ષિકાએ ઉતાવળમાં શબ્દ પર ધ્યાન ન આપ્યું હોય. તું મારી વાત માન અને તેને સુધાર અને તરંગના સ્થાને તુરંગ કરી દે.'' કહીને શૈલજાએ ટિયાની બધી નોટબુક ધ્યાનથી જોઈ. તેમાં બીજી પણ ઘણી ભૂલો હતી. જેને તેની શિક્ષિકાએ નજરઅંદાજ કરીને તેની પર ખરાની નિશાની કરી હતી.

પછી શૈલજાએ બધી ભૂલો એક જગ્યાએ લખીને તેની જગ્યાએ સાચા શબ્દો પણ લખી દીધા. પછી ટિયાએ કહ્યું, ''દીકરી, તારી નોટબુકમાં આ બધી ભૂલો છે, તેને તું સુધારી લે.''

પરંતુ ટિયા તો આ બધું સમજવા તૈયાર જ નહોતી. જ્યારે શૈલજાએ તેને એક-બે વાર ભૂલો સુધારવા માટે કહ્યું ત્યારે તે નારાજ થઈ ગઈ અને મા પાસેથી નોટબુક છીનવતા બોલી, રહેવા દે, હું ભણી લઈશ. હું તારા કહેવાથી મારી નોટબુકમાં શબ્દો નહીં બદલું. તને કઈ ખબર નથી મારા મેમ સાચું ભણાવે છે. હું તેમની વાત માનીશ.''

શૈલજા ચુપચાપ રસોડામાં ચાલી ગઈ, પરંતુ રસોડામાં ઊભા ઊભા તે વિચારી રહી હતી કે ક્યાંક ટિયાના માર્ક્સ કપાવાનું કારણ આ તો નથી ને કે તે જવાબો ઉતાવળમાં ધ્યાનપૂર્વક વાંચતી નથી. તેને તો ખબર નથી કે તે સાચું યાદ કરી રહી છે કે ખોટું. ભલે ને હું



ગમે તેટલી સાચી વાત કહું, તે ક્યારેય મારી વાત નહીં માને. તે એમ સમજે છે કે મમ્મીને કંઈ આવડતું નથી અને મેમ જે ભણાવે છે તે જ સાચું હોય છે. એક રીતે આ વાત સાચી પણ છે, પરંતુ જ્યારે શિક્ષિકાઓ પાસે કામ વધારે રહેતું હોય છે ત્યારે વિદ્યાર્થીઓની નોટબુક તપાસતી વખતે તેમનાથી ઘણી ભૂલો થતી હોય છે. તેનાથી ઘણીવાર તેઓ ખોટા જવાબ પર પણ ભૂલથી સાચાની ટિક કરી દેતી હોય છે.

પછી પરીક્ષાના સમયે ટિયા ખોટા જવાબો યાદ કરીને તે જ રીતે જવાબ લખીને આવતી હશે, એટલે તે ખોટા પડતા હશે અને શિક્ષિકા પરીક્ષા દરમિયાન ઉત્તરવહી તો ખૂબ ચોક્કસાઈથી તપાસે છે.

પરંતુ ટિયા આ વાતને સમજતી નથી. તેને કેવી રીતે સમજાવી શકાય, તે પોતાની શિક્ષિકા પર વિશ્વાસ કરે છે અને તેમને માન આપે છે. આ સારી વાત છે.

'ટિયાને હું કેવી રીતે સમજાવું?' શૈલજા વિચારીને લાંબા સમય સુધી પરેશાન થતી રહી.



બીજા દિવસે સાંજે જ્યારે ટિયા ભણવા બેઠી તો તેની શિક્ષકાનો ફોન આવ્યો.

''હેલો ટિયા, હું તારી રીના મેમ બોલી રહી છું.''

રીના મેમનો અવાજ સાંભળતા ટિયા ખુશ થઈ ગઈ. રીના મેમ તેના ગમતા શિક્ષિકા હતા.

''ગુડ ઈવનિંગ મેમ.'' તેણે ખુશીથી કહ્યું.

''ટિયા, તેં પરીક્ષાની તૈયારી શરૂ કરી દીધી?'' રીના મેમે પૂછ્યું.

''યસ મેમ, તમારો વિષય તો આમ પણ મને ખૂબ પસંદ છે. મમ્મીએ કાલે જ મને ભણાવ્યું હતું. મને બધા પ્રશ્નો યાદ છે. આમ પણ મને હિંદી ભણવામાં ખૂબ મજા આવે છે.''

ટિયાની વાત સાંભળીને રીના મેમે કહ્યું, ''આ તો ખૂબ સારી વાત છે. આજે હું તને એક જરૂરી ટિપ આપવા ઈચ્છુ છું, જેના દ્વારા આ વખતની પરીક્ષામાં તારા માર્ક્સ પણ સારા આવશે.''

''આજે તારી સાહેલી સલોની તેની હિંદીની નોટબુક લઈને મારી પાસે આવી હતી. તેની નોટબુકમાં ખૂબ ભૂલો હતી. જોકે મેં તેની ભૂલો સુધારી આપી છે, જેથી તે પરીક્ષામાં ફરીથી એ જ ભૂલો ન કરે. તું પણ આ બધી ભૂલો પર ધ્યાન આપજે. કદાચ તારી નોટબુકમાં પણ એ જ ભૂલો હોય, કારણ કે તમે બંને સાથે કામ કરો છો ને. તું પણ ભૂલો સુધારી દેજે.''

''ઠીક છે મેમ.'' કહીને ટિયા એક નોટબુક અને પેન્સિલ લઈ આવી, જેથી પોતાની ભૂલો નોંધી શકે.

રીના મેમે લખાવવું શરૂ કર્યું અને ટિયા લખતી ગઈ.

''થેંક્યૂ મેમ.'' અંતે ટિયાએ કહ્યું અને ત્યાર પછી હિંદીની નોટબુક લઈને પોતાની બધી ભૂલોને સુધારવા



બેસી ગઈ. ખરેખર તેની નોટબુકમાં પણ એ જ બધી ભૂલો હતી.

જ્યારે તે પોતાની બધી ભૂલો સુધારી ચૂકી, ત્યારે અચાનક તેની નજર એક કાગળ પર પડી જેની પર તેની મમ્મીએ તેની બધી ભૂલો લખી હતી. આ લખેલી ભૂલો જોઈને ટિયાને ખૂબ આશ્ચર્ય થયું કે રીના મેમે પણ તે જ બધી ભૂલો લખી હતી.

''તેનો અર્થ એ થયો કે મમ્મી સાચું કહી રહી હતી. નોટબુકમાં ખરેખર ભૂલો હતો. મારે માની વાતને માનવી જોઈતી હતી. મેં ખોટો મમ્મી પર ગુસ્સો કર્યો. હવે પછી હું આવું ક્યારેય નહીં કરું.'' આમ વિચારીને ટિયાને પણ ખૂબ શરમ આવી અને તે દોડતી મા પાસે પહોંચી ગઈ.

ટિયાની મમ્મી કપડાં ગોઠવી રહી હતી. ટિયાએ કહ્યું, ''મમ્મી, રહેવા દે આ બધા કામ, ચાલ મને ભણાવ. મારી પરીક્ષા આવવાની છે.''

ટિયાની વાત સાંભળીને શૈલજા હસવા લાગી. પછી તો તે પણ હસતાંહસતાં ટિયાને ભણાવવા બેસી ગઈ.

જોકે ટિયાને ભણાવતાંભણાવતાં શૈલજાએ છુપાઈને એક વોટ્સએપ મેસેજ ટાઈપ કર્યો, ''આભાર રીના મેમ.'' અને આભાર દર્શાવતું ઈમોજી મેમને મેસેજ સાથે મોકલી દીધું. ●

ઉત્તર પૃષ્ઠ :

પૃષ્ઠ ૬ : શિક્ષક દિવસ :

થેંક્યૂ THANKYOU

લવ LOVE

બેસ્ટ BEST

પૃષ્ઠ ૨૧ : છૂપાં ચિત્ર શોધો :



પૃષ્ઠ ૨૬ : રસ્તો શોધો :





Melody itni chocolaty kyun hai?





Melody khao khud jaan jaao.

